# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર– ૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ ક્લોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website**
**www.swargarohan.org**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી–નૂતનવર્ષ–દીવાળી | યોગેશ્વરજી | ૪ |
| પ.પૂ.માશ્રી સર્વેશ્વરીનો પંચોતેરમો જન્મદિન | તંત્રી | ૮ |
| આત્મિક સભાનતા આપણી પ્રથમ પ્રાથમિકતા | તંત્રી | ૯ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૦ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૧૫ |
| જન્મદિન નિમિત્તે પ.પૂ. માને શું અર્પણ કરી શકીએ? | નારાયણ હ. જાની | ૨૨ |
| તારું જીવન વેગે વહી જાય | યોગેશ્વરજી | ૨૬ |
| સંતસમાગમ : ચેતના–સંબંધ | તરલાબેન દેસાઇ | ૨૭ |
| હિમાલયના પત્રો–સાચા હૃદયનો તલસાટ | યોગેશ્વરજી | ૩૨ |
| મરણનું સ્મરણ રહેવું જોઇએ | શ્રી વિનોબા ભાવે | ૩૭ |
| સૌથી છેલ્લે | ભાણદેવ | ૪૪ |
| સાચા સંતોને ઓળખતાં શીખો | યોગેશ્વરજી | ૪૮ |
| જીવતરની જીજીવિષા | અરવિંદકુમાર રાણા | ૫૫ |
| ધનના લોભમાં નિંદા | શ્રી રામસુખદાસજી | ૬૦ |

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ૐ



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## નૂતનવર્ષ—દિવાળી

યોગી ભર્તૃહરિએ પોતાના વૈરાગ્યશતકમાં કહ્યું છે :

**यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको**
**यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः ।**
**इत्यं चेमै रजनिदिवसौ दोलयनि द्वविवाक्षो**
**कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशारैः ॥**

અર્થાત્ એક ઘરમાં અનેક માણસો હતાં ત્યાં એક જ દેખાય છે. જ્યાં એક માણસ હતો ત્યાં કેટલાય થયા અને અંતે કોઈ પણ બાકી ના રહ્યું. એવી રીતે રાત અને દિવસના બે પાસા ફેંકતો કાળ પ્રાણીઓરૂપી સોગટીઓથી સંસારરૂપી વિશાળ સનાતન ચોપાટ પર કાળ સાથે ક્રીડા કરે છે.

એ કાળક્રીડાનું એક વિશેષ ચક્ર પૂરું થયું. એના વિશાળ રંગમંચ પરના એક અનોખા અભિનયનો અંત આવ્યો. એનો એક અંક પૂરો થયો. એની ઉપર કામચલાઉ પડદો પડી ગયો. એક વર્ષ—અલબત્ત માનવીય ગણના પ્રમાણેનું એક વર્ષ—પૂરું થયું. નૂતનવર્ષ અથવા બેસતા વર્ષનું એ પર્વ યુગોથી ઉજવાઈ રહ્યું છે તો પણ પુરાણું નથી થયું, નીરસ નથી બન્યું અથવા ઓછું આકર્ષણ નથી રહ્યું. આજે પણ એને એવા જ અવનવા આનંદપૂર્વક ઉજવવામાં આવે છે. રોજ મોડા ઉઠનારા માણસો આજના પવિત્ર પર્વ દિવસના માહાત્મ્યનું સ્મરણ કરીને શાસ્ત્રમર્યાદાનું પાલન કરતા હોય તેમ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ગયા હશે, સ્નાનાદિથી નિવૃત્ત થયા હશે, અથવા સાલમુબારક કહીને

પ્રસન્ન થયા હશે. નાના—મોટાને પગે લાગ્યા હશે અથવા એમને પ્રણામ કરીને એમના શુભાશીર્વાદ મેળવીને ધન્ય બન્યા હશે. નવાં વસ્ત્રો પહેરવાનું, મિષ્ટાન્ન જમવાનું ને મિત્રો મુરબ્બીઓ ને પૂજ્ય પુરુષોને મળવાનું આજે સવિશેષ ધ્યાન રખાયું હશે. આજનો દિવસ એવી રીતે આનંદનો ને ઉત્સવનો હશે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પૂરું થયું ને એક વિશેષ વર્ષ આરંભાયું. આપણે એનો ઉત્સવ કરીએ તે બરાબર છે. ઉત્સવ કરવાનો આપણને અધિકાર છે. આપણો સ્વભાવ છે પરંતુ એથી આગળ વધીને આપણે ચિંતન પણ કરવું જોઈએ અથવા કહો કે આત્મનિરીક્ષણ. વીતેલા વરસનો વિચાર કરીને એની સફળતાઓનું સરવૈયું કાઢીને તથા ગુણદોષોનો હિસાબ કરીને ક્ષતિઓને દૂર કરવાનો ને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો ને શુભને વધારે ને વધારે પ્રમાણમાં સુદૃઢ કરવાનો સંકલ્પ કરીએ, કાર્યક્રમ ઘડીએ અને એને વફાદાર રહીએ. આપણા જીવનના આદર્શોનું સ્મરણ કરીએ, જે લક્ષ્યાંકોની સિદ્ધિ કરવાના સંકલ્પો સેવ્યા છે તેમને સફળ કરવાના સંકલ્પો કરીએ. વીતેલા વર્ષના રાગદ્વેષો, મતભેદો ને મનભેદો, ઈર્ષ્યાઓ ને મતમત્સરોને દફનાવી દેવાની કોશિશ કરીએ. જીવનને નવા વર્ષ દરમિયાન નવો આકાર આપવાનો નિર્ણય લઈએ, તો નૂતન વર્ષ સાચોસાચ નૂતનવર્ષ બની શકે ને કેલેન્ડરમાં જ ના રહે પરંતુ જીવનમાં મૂર્તિમંત બને. નૂતનવર્ષમાં માનવમાત્રને માટે એવી રીતે ઘણી ઘણી શક્યતાઓ રહેલી છે. એમને સાકાર કરીએ તો નૂતનવર્ષનો ઉત્સવ સફળ બને. બાકી તો કાળદેવતા પોતાનું કાર્ય કર્યે જાય છે, અને એક દિવસ નૂતનવર્ષની પરંપરા પણ પૂરી થશે. કારણ કે એનો



ઉત્સવ કરવા માટે આપણે હોઈશું પણ નહીં.

આજના પવિત્ર પર્વ દિવસે કેવળ હાથ ના મેળવીએ, હૈયા પણ મળે એવું કરીએ. કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોચ્ચાર ના કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત ને શુભ ભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ. આજે આંખમાં જ ચમક ના હોય, અંતરમાં અને આત્મામાં પણ હોય. વસ્ત્રપરિધાન કેવળ બહારનાં જ ના હોય, અંદરના સદ્વિચાર, સદ્ભાવ ને સત્કર્મોનાં—પણ હોય ને સાલ મુબારક બને ને બરબાદ ના થાય એને માટેનું અનુકૂળ મંગલમય આચરણ કરવાનો નિરધાર કરીએ. નૂતન વર્ષ આપણે માટે જ નહીં બીજા બધાને માટે, વધારેમાં વધારે માનવોને માટે, સમસ્ત રાષ્ટ્ર ને સંસારને માટે, સુખશાંતિ સમૃદ્ધિદાયક કલેશવિદારક, કલ્યાણકારક નૂતન વર્ષ બને એવું આપણે ઈચ્છીએ. આજના દિવસ દરમ્યાન જે ચેતના, ઉત્સાહ, સદ્ભાવ ને તરવરાટ દેખાય છે તે આવતીકાલે શમી ના જાય પરંતુ કાયમ રહે, દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધ્યા કરે, અને એવી રીતે નૂતન વર્ષ આજના દિવસ પૂરતું મર્યાદિત નહીં પરંતુ કાયમનું બને એને માટે આપણે પ્રમાણિકપણે પ્રયત્નો કરીએ.

દિવાળી ને નૂતન વર્ષનાં પર્વો એકમેકની સાથે સંકળાયેલાં છે. દિવાળી વર્ષનો છેવટનો દિવસ અને લક્ષ્મીપૂજનનો ઉત્સવ દિવસ મનાય છે. એ દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે. માણસે એવી રીતે પોતાના વીતેલા વરસના જીવનરૂપી ચોપડાને પૂરેપૂરો તપાસવો જોઈએ, ને જમા—ઉધારના પાસાનો પૂરેપૂરો વિચાર કરવો જોઈએ.

દિવાળીના દિવસે ઘરમાં ને બહાર દીવા કરવામાં આવે છે.

એ દીવા શાને માટે છે ને શેના છે ? માનવના જીવનમાં, દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે. સ્નેહના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદ્ભાવના ને સેવાભાવનાં દીવા. જ્યાં જ્યાં અવિદ્યારૂપી આસુરી સંપત્તિનો અંધકાર છે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો છે, ને નવા પ્રકાશને પ્રગટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા માટે છે. આપણી અંદર પણ એવા દીવા થવા જોઈએ. સંપ, સ્નેહ, સહકારના એવા દીવા સમાજમાં પણ સર્વત્ર થવા જોઈએ. એને માટે આપણે આપણી શક્તિના પ્રમાણમાં બીજાને મદદરૂપ થવાનું વ્રત લેવું જોઈએ. સમાજમાં જ્યાં જ્યાં નિરક્ષરતા, દીનતા, ભેદભાવ, દુઃખ અને એવા બીજા અંધકારના અવશેષ છે ત્યાં ત્યાંથી તેમને દૂર કરીને પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરવો જોઈએ.

દિપક આત્માનું પણ પ્રતીક છે. આત્માને શાસ્ત્રોમાં જ્યોતિઓનો જ્યોતિ કહ્યો છે. એ જ્યોતિને ઓળખવા માટે પવિત્ર, પ્રેમમય, પ્રકાશિત જીવન જોઈએ. એને સારું સમજપૂર્વકની સાધના જોઈએ. દિપક પ્રકટાવીને, મંદિરમાં અખંડ દિપક રાખીને ને દિપકની ઉપાસના કરીને આપણે આત્માનું સ્મરણ કરીએ છીએ અને આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ સેવીએ છીએ ખરાં ? એવો સંકલ્પ ના સેવતા હોઈએ તો સેવવો જોઈએ. તો જ દિપાવલીનો ઉત્સવ સાર્થક ઠરી શકે.



# પ.પૂ.માશ્રી સર્વેશ્વરીનો પંચોતેરમો જન્મદિન

—તંત્રી

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી તા.૧૩ નવેમ્બરના દિને પંચોતેરમા વર્ષમાં પ્રવેશ પામશે. પ. પૂ. મા સર્વેશ્વરીએ એમનાં સાધનાત્મક જીવનમાં વીસ કરોડ કરતાં વધુ જપ પૂર્ણ કર્યા છે. જાણે કે પૂ.ગુરુદેવ પ્રભુએ આવા મહા કપરા તપ માટે આ કળીયુગમાં પૂ.મા જેવા તપસ્વીની પસંદગી કરી. એ શરીરને ખૂબ મહિમા ધર્યો. પૂ.માની દઢતા, નિર્મોહિતા, અનાસક્તિ અને વ્રતનિષ્ઠા કેવી અદ્ભુત છે, તેનું દર્શન ઓગણીસ કરોડથી વધુ જપ કરાવી દુનિયાને કરાવ્યું.

હે મા ! જેઓ આ તપના સાક્ષી બન્યા તેઓ ખરે જ ધન્ય બન્યા. જે ધરા અને સ્થાનો એનાં સાક્ષી બન્યાં તેઓ પણ એટલાં જ ધન્ય બન્યાં. તો યોગેશ્વર પરિવારના જે સભ્યોએ દૂર રહ્યે રહ્યે આ સમાચાર સાંભળ્યા, તેમજ મૂકપણે આ મહા તપયજ્ઞમાં પોતા તરફથી સાધના દ્વારા આહુતિ આપી તેઓ પણ ધન્ય થયાં.

પૂ.માના એ તપઃપૂત શ્રી વિગ્રહને અમારા કોટિ કોટિ વંદન.

"હે મા, પંચોતેરમાં જન્મદિનના પ્રારંભે અમે સહુ સાધકભાઈ બહેનો આપને ખૂબ લાંબું આરોગ્યપ્રદ આયુષ્ય ઈચ્છીએ છીએ. ને આપ દ્વારા દેશ અને દુનિયાના દુઃખી તથા દુનિયા અધ્યાત્મ પિપાસુ જીવો તૃપ્તિ પામતા રહો. તેવી કૃપા પૂ.ગુરુદેવ પ્રભુ આપના પર કરતા રહો તેવી મંગલ કામના સાથે આપનાં શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ."

# આત્મિક સભાનતા
# આપણી પ્રથમ પ્રાથમિકતા

—તંત્રી

તા.૨૦ ઓકટોબર ૨૦૧૭થી વિક્રમ સંવત ૨૦૭૪નો પ્રારંભ થાય છે.

નવા વર્ષો તો આવે છે ને જાય છે.

હે વાંચક ! તું વિચાર કર કે તારા જીવનમાં આવાં કેટલાં નવા વર્ષો આવ્યાં ને ગયાં પણ તું જાગ્યો ખરો ?

સદ્ભાગી છે કે આ વખતે નવા વર્ષ પછી તુરત જ અધ્યાત્મનો ઓકટોબરનો અંક તારા હાથમાં આવે છે.

આ શીર્ષક અધ્યાત્મક શું સૂચવે છે, એનો વિચાર કદી તને આવ્યો છે ખરો ? જો આવ્યો હોય તો તું બદલાયા વિના રહ્યો જ ના હોય.

અધ્યાત્મ શબ્દ અધિ+આત્મા શબ્દોના જોડાણથી બન્યો છે અને તેનો અર્થ થાય છે આત્મા તરફ.

આ શબ્દની પસંદગી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની છે, અને તે સહેતુક છે. તો આપણે એ હેતુને સમજ્યા છીએ અને સમજ્યા હોઈએ તો એ દિશામાં ડગ માંડ્યા છે ખરાં ?

ભલે ભૂતકાળમાં જે થયું તે. હવે તો જાગીએ. આત્મિક સભાનતાને નવા વર્ષમાં પહેલી પ્રાથમિકતા આપીએ ને તે દિશામાં ડગલાં ભરવા માંડીએ. યાદ રાખો, પ્રભુ તમારી રાહ જોઈને જ ઊભા છે.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૪૦ ઑક્ટોબર–૨૦૧૭ અંક ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ દિન ૪૬**

**તા. ૧-૧-૮૩, ગુરુવાર, માગશર વદ બીજ ૨૦૩૯**

**ન્યુ કાસલ શહેરથી જોહાનિસબર્ગ**

આજે સવારે પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરીને પોતાનાં કપડાં ધોઈ નાખે છે. બહાર વાડામાં તાર ઉપર તે કપડાં સૂકવી દેવાનું બને છે, જેથી જલદી સુકાઈ જાય છે.

આજે વઘારેલી ખીચડીનું ભોજન હાથે બનાવીને લીધું.

ડરબનથી શ્રી રતિભાઈ ગાડી લઈને સાડા ત્રણ કલાકની મુસાફરી બાદ બપોરે પોણા બારે ન્યુ કાસલ આવી જાય છે. તેઓ પૂ.શ્રીનો એક અઠવાડિયાનો સત્સંગનો લાભ લેવા આવેલા છે. એમની જ ગાડીમાં આજે અમારે જોહાનિસબર્ગ જવાનું છે.

બપોરની મુલાકાતમાં પૂ.શ્રીના અનુભવો સાંભળવાની ઈચ્છા અહીંના આયોજકો શ્રી બી. પ્રભુ અને શ્રી રામલખનની હતી. તેથી પૂ.શ્રી પોતાનો એક અનુભવ કહી સંભળાવે છે.

વિદાયવેળા ઘરનાં સૌ નમસ્કાર કરે છે. ત્યાં પૂ.શ્રીને શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ અને સંસ્કૃત શ્લોકો યજમાનને ટેઈપ કરાવવાનાં હતાં તે યાદ આવે છે. તેથી યજમાન તરત જ ટેઈપ-રેકોર્ડર લાવે છે. અમે સ્તુતિ ગાઈએ છીએ. આ યજમાન શ્રી રામકૃષ્ણદેવના ભક્ત છે. તેમને પૂ.શ્રીએ લખેલી 'અધર્મ જ્યારે' સ્તુતિ આજે પૂ.શ્રીના શ્રીમુખે જ ગવાયેલી મળી રહી છે તેનો આનંદ છે.

ન્યુ કાસલથી સાડા ત્રણ વાગ્યે વિદાય થઈએ છીએ. અહીંથી ત્રણસો કિલોમીટરની યાત્રા શરૂ થાય છે.

જોહાનિસબર્ગ અહીં 'જોબર્ગ'ના ટૂંકા નામથી જાણીતું છે. ત્યાં જવા માટે બે હાઈ-વે છે. એક હાઈ-વે એવો છે જે દરેક શહેરની બહારથી પસાર થાય છે. બીજા હાઈ-વેમાં વચ્ચે વચ્ચે શહેરો આવે છે. અમે શહેરોમાંથી પસાર થતાં જૂના હાઈ-વે ઉપર પ્રયાણ કરીએ છીએ.

ડુંગરાળ પ્રદેશ શરૂ થાય છે. ભયંકર વળાંકો છે. પણ રસ્તાઓ ખૂબ પહોળા એટલે ગાડી ધીમી ન પડે. આસપાસના પર્વતો જોતાં બદરીનાથનું સૌંદર્ય યાદ આવે. થોડી જ વારમાં સપાટ રસ્તાઓ આવે છે. ત્યાં આસપાસ મકાઈનો પાક જોવા મળે છે. ઘણાં સ્થાનોમાં ગાયોનાં ટોળાં ચરતાં જોવા મળે છે. ક્યાંક ક્યાંક ગાયો સાથે ઘેટાંઓ પણ જોવા મળે છે. આંખને ગમે તેવાં કુદરતી દૃશ્યો જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં જોવા મળે છે.

માર્ગમાં સ્ટાન્ડર્ડટોન નામનું મોટું શહેર આવ્યું. ચાર્લ્સટાઉનથી નાતાલ પ્રાંતની સરહદ પૂરી થતી હતી. વાલક્રસ્ટથી ટ્રાન્સવાલ પ્રાંતની સરહદ શરૂ થઈ હતી.

આ સરહદ ઐતિહાસિક છે. નાતાલ પ્રાતમાંથી એક



જમાનામાં ટ્રાન્સવાલ પ્રાંતમાં પ્રવેશવાની મનાઈ હતી. ત્યારે અહીં ગાંધીજીએ સત્યાગ્રહ કરીને અહિંસક લડત આપી હતી. ગાંધીજી ને એમના સાથીદારોને પકડી લેવામાં આવ્યા હતાં. એવી માહિતી શ્રી રતિભાઈએ આપી.

માર્ગમાં જ્યાં શહેરો આવે ત્યાં ખેતરોમાં દૂર દૂર મોટાં મોટાં પતરાના દશ-બાર પીપ જેવું કંઈક દેખાય છે. ખેડૂતો મકાઈનો જે પાક લે તે પાક સહકારી મંડળીને વેચે છે. તે પાકને મંડળીઓ આ પીપ જેવાં સાધનોમાં સંગ્રહ કરીને રક્ષણ આપે છે. દૂરથી મોટાં મોટાં ઊંચા મિલનાં પહોળાં ભૂંગળાં દેખાય તેવો તેનો આકાર હોય છે.

માર્ગમાં ખેતરો જોવા મળે, પણ ક્યાંયે કૂવા જોવા ન મળે. ખેતરોને પાણી પાવા એક મોટું લાંબુ તાર જેવું સાધન હોય છે, જેમાંથી પાણીના ફુવારા છૂટે ને આખાયે ખેતરમાં પાણી છંટાઈ જાય છે.

વચ્ચે વળી ક્રેલિંગસ્ટાર્ટ નામનું ગામ આવ્યું. આફ્રિકન ભાષામાં સ્ટાર્ટ એટલે શહેર. બાલકોરમાં શ્રી રતિભાઈના ભાઈની દીકરી રહે છે. એકધારી અઢી કલાકની મુસાફરી પછી આરામ મળે તે હેતુથી ત્યાં જવાનું બન્યું. તે પરિવારના વડીલ ૧૯૨૩માં અહીં આવેલા. ત્યાં પાડોશીઓએ પૂ.શ્રીનો પરિચય પેપરમાં વાંચ્યો હતો. તેઓ પૂ.શ્રીને મળવા આવ્યા છે. સૌ પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પાડોશી પરિવારના એક સભ્ય પૂ.શ્રી માટે ખાસ ઝાડ ઉપરથી ઉતારેલા તાજાં જ ફળો લાવે છે. તે ભાઈની ભાવનાને ધ્યાનમાં રાખીને પૂ.શ્રી ફળ લે છે. દૂધ પણ લે છે. ત્યાંથી એક કલાક પછી વિદાય લઈએ છીએ.

અહીં ધોધમાર વરસાદ ચાલુ થઈ જાય છે. વળી, બરફના

મોટા મોટા કરાની વર્ષા પણ ચાલુ જ રહે છે. જોહાનિસબર્ગ પહોચ્યાં ત્યાં સુધી વરસાદ ચાલુ જ રહ્યો.

માર્ગની બાજુમાં બીનોની શહેર પણ આવી ગયું.

અંતે રાત્રે પોણા આઠે જોહાનિસબર્ગ આવી ગયાં. વીજળીથી ચળકતું, મુંબઈ કે ન્યૂયોર્કની યાદ આપે એવું એ શહેર હતું. મોટી મોટી ઈમારતો જોવા મળી. રસ્તાઓ સુંદર, રસ્તાની બન્ને બાજુ નીચે થોડે થોડે અંતરે પીળા રંગના નાના નાના ગોળ પથ્થરો જોવા મળે, જેના ઉપર લાઈટ પડે એટલે ચળકાટ પામે અને તેથી અંધારામાં પણ રસ્તો ક્યાં પૂરો થાય છે, ક્યાં એની હદ જુદી પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય.

જોહાનિસબર્ગ શહેરમાંથી પસાર થઈ અમે લેનેશિયામાં આવી ગયાં. શહેરથી લગભગ ૨૫ કિલોમીટર દૂરનો આ ઈન્ડિયન એરિયા છે.

જોહાનિસબર્ગમાં ઉતારો શ્રી મગનભાઈને ત્યાં હતો. ઘરમાં અમે જ્યારે પહોંચ્યા ત્યારે અમારું ફૂલની કલગીથી સ્વાગત થયું. ઘરનાં નાનાં મોટાં સૌએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ નોંધપાત્ર ઘટના હતી.

ઘર ઘણું મોટું, દશ-બાર ઓરડાવાળું હતું. અમારો ઉતારો દેવસ્થાનની પાસેના ઓરડામાં, ઘરનાં એક ખૂણામાં હતો, જ્યાં બન્ને દીવાલો કાચની બારીવાળી હતી. બે પલંગ હતા. વળી, પૂ.શ્રી લેખન કરે છે એમ જાણી એક મોટું ટેબલ ને બે ખુરશીઓ પણ મૂકેલી હતી. પૂ.શ્રી પોતાના જ ઓરડામાં નીચે બેસીને ભોજન લે છે એવું જાણીને ચાર પાટલા પણ આ ઓરડામાં મૂકેલા.

ઘરનાં સંડાસ ને બાથરૂમ બતાવતાં યજમાન ભાઈએ કહ્યું



કે, આ બન્ને ફક્ત તમારે જ વાપરવાનાં છે. તેનો ઉપયોગ અમે કોઈ કરીશું નહીં.

યજમાન શ્રી મગનભાઈ અમારા પરિચિત તો ન હતા, પણ સંતોની સેવાની ભાવના તેમના એકે એક બોલમાં જણાઈ આવતી હતી. તેમની દીકરી આવતી કાલે જ ઝામ્બિયા જનાર હતી, તેથી તેને અને તેના નાના બાળકને પૂ.શ્રી આશીર્વાદ આપે તેવી તેમની ભાવના હતી. પૂ.શ્રીએ તેને ગુલાબનું ફૂલ આપીને 'જીવન ખૂબ સુખી થાઓ' એવા આશીર્વાદ આપ્યાં. વળી, 'સરળ ગીતા' પુસ્તક આપ્યું. એ બહેન ગીતા વાંચે છે, તેથી તેને એ પુસ્તક ગમ્યું.

ઘરમાં દેવસ્થાનનો એક અલગ ઓરડો છે. તેમાં શીરડી સાંઈબાબાની પ્રતિમા ને રાધાકૃષ્ણની પ્રતિમા જોવા મળી. અમારા ઓરડામાં પણ સાંઈબાબા ને શ્રીકૃષ્ણની મૂર્તિઓ હતી. બેઠકના ઓરડામાં ભગવાન શ્રીકૃષ્ણનું મોટું ચિત્ર ને મહારાષ્ટ્રના સંત શ્રી ગજાનંદ મહારાજનો ફોટો પણ હતાં.

જોહાનિસબર્ગના પ્રવચનના આયોજકોએ પૂ.શ્રીનાં 'યોગદર્શન', 'આત્મકથા', 'ભગવાન રમણ મહર્ષિ' વિગેરે પુસ્તકો વાંચેલા છે. અહીંની લાયબ્રેરીમાં એ પુસ્તકો વરસોથી આવી ગયેલાં છે. પરિણામે આવતી કાલે તેઓએ ભગવાન રમણ મહર્ષિની ૧૦૩મી જન્મજયંતી નિમિત્તે અહી પૂ.શ્રીનું એ જ વિષય ઉપર પ્રવચન રાખ્યું છે. વળી, પૂ.શ્રી પાસે ધ્યાનના, પૂ.શ્રી સાથે પ્રશ્નોત્તરીના કાર્યક્રમો રાખી જેટલો પણ લાભ લેવાય એટલો લેવા તેઓ આતુર છે. જનતા ભાવિક લાગે છે.

સૌની વિદાય પછી, અમે રાત્રે સાડા દશે દૂધ લઈને આરામ કર્યો.

★ ★ હરિઃ ૐ ★ ★

# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

—શ્રી યોગેશ્વરજી

**પ્રશ્ન : કોઈ બાહ્યગુરુ પાસેથી દીક્ષા ના લીધી હોય તો પણ આત્મવિકાસની સાધનામાં આગળ વધી શકાય ?**

**ઉત્તર :** બહારના ગુરુની મદદ વગર પણ આત્મવિકાસની સાધનામાં આગળ વધી શકાય છે. પરંતુ તે માટે રમણ મહર્ષિ જેવા મહાત્મા પુરુષોની પેઠે પૂર્વજન્મના ઘણા પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોની આવશ્યકતા રહે છે. તેવા પુરુષોને પરમાત્મા દોરવણી આપતા રહે છે. બીજા માણસોએ જ્યાં પોતાનું મન માનતું હોય ત્યાં ગુરુભાવને સ્થાપિત કરીને આગળ વધવાનું રહે છે. ગુરુભાવને સ્થાપિત કરવા યોગ્ય વ્યક્તિ કોઈ પણ ના લાગતી હોય તો પરમાત્મા પોતે સૌના પરમગુરુ છે, એવો વિશ્વાસ રાખીને એમની અંદર શ્રદ્ધાભક્તિ ધારણ કરીને પણ આગળ વધી શકાય છે.

યોગ્ય અવસર પર જો આવશ્યકતા હોય તો પરમાત્મા પોતે જ સાધકને સુયોગ્ય ગુરુ મેળવી આપે છે અથવા તો એ પોતે જ માર્ગદર્શક બનીને એને પ્રકાશ અને છેવટે સનાતન શાંતિનો ભોગી બનાવે છે.

**પ્રશ્ન : જે મહાત્મા પુરુષે પોતાના સ્થૂલ શરીરને છોડી દીધું હોય તેમની અંદર ગુરુભાવ રાખી શકાય કે ના રાખી શકાય ?**

**ઉત્તર :** રાખી શકાય. મહાત્મા પુરુષોની સત્તા અથવા શક્તિ સૂક્ષ્મ શરીરમાં રહીને કાર્ય કરે છે ને બીજાને મદદ પહોંચાડે છે. એટલે એમની અંદર ગુરુભાવ રાખવામાં કશી હરકત નથી.

**પ્રશ્ન : તે આપણી સમક્ષ પ્રકટ થઈને મંત્ર પ્રદાન કરી શકે



કે દીક્ષા આપી શકે ખરા ?**

**ઉત્તર :** હા. તેમની ઈચ્છા હોય તો તે સ્વપ્નમાં, ધ્યાનમાં કે જાગૃતિમાં આપણી સમક્ષ પ્રકટ થઈને મંત્ર તથા દીક્ષા આપી શકે છે અથવા તો એક કે બીજી રીતે પથદર્શન કરે છે. પરંતુ એને માટે આપણી પોતાની તૈયારી ઘણી ઊંચી હોવી જોઈએ.

**પ્રશ્ન : ઊંચી એટલે કેવી ?**

**ઉત્તર :** આપણા અંતરમાં એવા પ્રાતઃસ્મરણીય આદર્શ મહાપુરુષોને માટે પુષ્કળ પ્રેમ હોવો જોઈએ, વિશ્વાસ જોઈએ અને એમની મદદ અથવા એમનું માર્ગદર્શન મેળવવાની તાલાવેલી જોઈએ. એવી તાલાવેલી એકાદ બે દિવસ, મહિના કે વરસો પૂરતી મર્યાદિત બનવાને બદલે સતત હોવી જોઈએ. એવા મહાપુરુષોની અનુગ્રહ પ્રાપ્તિ માટે એવી યોગ્યતાનું નિર્માણ કરવાનું આવશ્યક છે. જેમણે પણ એવી જરૂરી યોગ્યતા મેળવી છે તે એમનો લાભ મેળવીને પોતાના જીવનને કૃતાર્થ કરી શક્યા છે.

**પ્રશ્ન : એવા મહાપુરુષો આત્મજ્ઞાન આપી શકે ?**

**ઉત્તર :** શા માટે ના આપી શકે ? એમની શક્તિ અસાધારણ હોવાથી એ પોતાની ઈચ્છાનુસાર ગમે તે કરી શકે છે. એ સંપૂર્ણપણે સ્વતંત્ર છે. ફક્ત તમારે કે તેમની કૃપાની કામના રાખનારે તેને અનુકૂળ જીવન જીવવું જોઈએ.

**પ્રશ્ન : પૂર્ણતા પોતે જ શું વિશિષ્ટ આકાર ધારણ કરીને ગુરુના રૂપમાં પ્રકટ થતી હોય છે ?**

**ઉત્તર :** ગુરુના રૂપમાં પૂર્ણતા પોતે જ વિશિષ્ટ આકાર ધારણ કરીને પ્રકટ થાય છે એવું તો કેવી રીતે કહી શકાય ? બધા ગુરુ પૂર્ણ નથી હોતા. હા, એટલું અવશ્ય કહી શકાય કે ગુરુ

પરમાત્માના પ્રતિનિધિ હોય છે, પરમાત્માનો સનાતન સંદેશ સંભળાવીને પરમાત્માભિમુખ કરે છે, ને બંધનમુક્તિ, પૂર્ણતા તથા પરમાત્માદર્શનની પ્રેરણા પૂરી પાડે છે. એમની મદદથી અપૂર્ણતામાંથી પૂર્ણતામાં પ્રવેશ કરી શકાય છે અથવા પૂર્ણતાને પોતાની અંદર પ્રગટાવી શકાય છે, એટલું સાચું છે.

**પ્રશ્ન : ગુરુ અને શિષ્યનો સંબંધ સનાતન હોય છે, તે જન્મ–જન્માંતર સુધી ચાલે છે, એ સત્ય છે ?**

**ઉત્તર :** ગુરુ અને શિષ્યનો સંબંધ જન્માંતર સુધી ચાલે છે અથવા નથી પણ ચાલતો. એ એક જ જન્મ પૂરતો, એક જન્મમાં પણ થોડાક વરસો પૂરતો મર્યાદિત રહેશે કે આગળ વધશે એનો આધાર સંસ્કારો પર રહેતો હોય છે. સર્વ કાંઈ સંસ્કાર કે ઋણાનુબંધને અનુસરીને નક્કી થાય છે. એ સંબંધમાં કોઈ એકસરખો નિયમ નથી લાગુ પડતો.

**પ્રશ્ન : શિષ્યને મુક્તિ અપાવ્યા સિવાય ગુરુ પોતે મુક્ત નથી થતાં. ગુરુનું ઉત્તરદાયિત્વ એટલું બધું મોટું હોય છે ?**

**ઉત્તર :** જે ગુરુ શિષ્યને મુક્ત કરવાની ઉત્કટ ઈચ્છા રાખે ને શિષ્યને મુક્ત કરવા માટે શરીરને છોડ્યા પછી અવારનવાર આવવાનો સંકલ્પ કરે તે ગુરુ, શિષ્યની મુક્તિ કે સદ્ ગતિને માટે પ્રયત્ન કરે એ દેખીતું છે. તેવા ગુરુ જીવનમુક્ત અવસ્થાનો અનુભવ કરવા છતાં સ્વેચ્છાનુસાર જીવનનો અભિનય ચાલુ રાખે છે. એવા સંકલ્પ વગરના બીજા ગુરુને માટે એવું વિધાન લાગુ નથી પડતું. બીજા ગુરુના આશીર્વાદ અને પ્રથપ્રદર્શનથી શિષ્યનું કલ્યાણ થાય છે. ગુરુની અદષ્ટ છતાં અમોઘ શક્તિ શિષ્ય કે શરણાગતના જીવનનું શ્રેય સાધે છે. શિષ્યના જીવનમાં ક્રાંતિ કરીને એ સહજ રીતે જ પોતાની કલ્પનાતીત કરામત કરી



બતાવે છે, ને શિષ્યને સર્વ પ્રકારે કૃતાર્થ કરે છે.

**પ્રશ્ન : એક વ્યક્તિના એકથી વધારે ગુરુ હોઈ શકે ?**

**ઉત્તર :** હોઈ શકે. જેની પાસેથી જીવનના વિકાસનું માર્ગદર્શન મળે, પ્રેરણાની પ્રાપ્તિ થાય, ને શાંતિ સાંપડે તેને ગુરુ કહી શકાય. એવા ગુરુ એક કરતાં વધારે હોઈ શકે. એનો આધાર સાધકની આવશ્યકતા પર રહે છે. મોટે ભાગે તો માનવ કોઈ એક જ પુરુષને ગુરુ કરે છે. જેના તરફથી એને મંત્ર કે માર્ગદર્શન મળે, પ્રેરણા કે પ્રકાશ જડે, જ્યાં એની આંખ અને એનું અંતર ઠરે, એને શાંતિ લાગે, અને એનો આત્મા સમર્પિત બને, તેની સાથે એ શિષ્ય તરીકેનો સંબંધ સ્થાપતો હોય છે. રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું છે કે શિક્ષાગુરુ અનેક હોઈ શકે પરંતુ દીક્ષાગુરુ એક જ હોય. તેવી રીતે જીવનનું સર્વસમર્પણ એક જ ગુરુના શ્રીચરણોમાં હોઈ શકે.

**પ્રશ્ન : કોઈ ને ગુરુરૂપે સ્વીકારવાની કે પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને છે કે નથી ?**

**ઉત્તર :** છે. મનુષ્ય સ્વતંત્ર રીતે વિચારે છે, વિચારીને નિર્ણય લે છે, અને લીધેલા નિર્ણયાનુસાર વર્તે છે. એ રીતે વિચારતાં એને ગુરુ કરવાની પણ સંપૂર્ણ સ્વતંત્રતા છે. એની પોતાની ઈચ્છા વિરુદ્ધ કોઈ એના જીવનમાં કોઈ ગુરુને લાદી નથી શકતું. જે થાય છે (ગુરુની પ્રાપ્તિ સંબંધમાં) તે તેની સંમતિ કે સ્વીકૃતિથી જ થતું હોય છે. એટલે ગુરુને પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને નથી એવું માનવા–મનાવવાની જરૂર નથી. ગુરુ જીવનમાં કોઈ પ્રકારનાં વિશેષ પ્રયત્ન વિના આપોઆપ અથવા એકાએક આવી મળે તો પણ મનુષ્ય એમની ઉપર વહેલો કે મોડો મંજૂરીની મહોર તો મારતો જ હોય છે.

**પ્રશ્ન : ગુરુભાવ, ગુરુ તથા સદ્‌ગુરુ એટલે શું ?**

**ઉત્તર :** ગુરુભાવ એટલે ગુરુ તરીકેનો ભાવ. ગુરુ તરીકેનો ભાવ શિષ્યને હોય તો તે શુભ અથવા કલ્યાણકારક કહેવાય છે, પરંતુ એવો ભાવ અને અહંભાવ જો ગુરુમાં હોય તો તેને શુભ શ્રેષ્ઠ અથવા કલ્યાણકારક ભાગ્યે જ કહી શકાય, ગુરુમાં કોઈ જાતનો અહંભાવ કે ઘમંડ ના જોઈએ. ગુરુ શબ્દ સૌ કોઈને માટે વપરાય છે પરંતુ સદ્‌ગુરુ શબ્દ સૌ કોઈને માટે નથી વપરાતો. સદ્‌ગુરુ તો એને જ કહી શકાય જેણે પરમસત્યની પ્રાપ્તિ કરી હોય, પરમ શાંતિ મેળવી હોય, અથવા પરમસત્યની કે પરમશાંતિની પ્રાપ્તિ કરવાના પ્રામાણિક પ્રયત્નો કર્યા હોય. સત્યરૂપી પરમાત્માની સાથે જેણે સંબંધ સ્થાપ્યો હોય અથવા સ્થાપવાનો સાધનાત્મક પ્રયાસ કર્યો હોય તેને સદ્‌ગુરુનું નામ આપી શકાય.

**પ્રશ્ન : ગુરુદીક્ષા, ગુરુદક્ષિણા ને ગુરુમંત્ર એટલે શું ?**

**ઉત્તર :** શિષ્યને ગુરુ તરફથી જે આપવામાં આવે છે તેને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. તે દીક્ષાના જુદાજુદા પ્રકારો છે. ગુરુ પોતાના સંકલ્પથી જે દીક્ષા આપે છે તેને સંકલ્પદીક્ષા કહેવામાં આવે છે. ગુરુ સ્પર્શ દ્વારા આશીર્વાદ આપીને જે દીક્ષા આપે છે તેને સ્પર્શદીક્ષાનું નામ આપવામાં આવે છે ને મંત્ર આપીને જે દીક્ષા આપે છે તે મંત્રદીક્ષા કહેવાય છે. ગુરુ દ્રષ્ટિપાતથી પણ દીક્ષા આપે છે. ગુરુદીક્ષામાં ઘણી શક્તિ સમાયેલી છે.

ગુરુને આપવામાં આવતી ભેટને ગુરુદક્ષિણા તરીકે ઓળખવામાં આવે છે. સાચી ગુરુદક્ષિણા શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને ગુરુના માર્ગદર્શન પ્રમાણે ચાલવામાં રહેલી છે. છતાં પણ



સ્થૂળ દક્ષિણાને જ સમાજમાં ગુરુદક્ષિણામાં નામ આપવામાં આવે છે.

ગુરુ દ્વારા આપવામાં આવતા મંત્રને ગુરુમંત્ર કહે છે. ગુરુમંત્રની અંદર ધાર્યા કરતાં ઘણી વધારે શક્તિ હોય છે. એનો આધાર લેવાથી શિષ્યને સાધનામાં મોટી મદદ મળે છે અને એનું શ્રેય સધાય છે. એનો આધાર ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક લેવો જોઈએ.

**પ્રશ્ન : આવશ્યકતા પ્રમાણે ગુરુમંત્ર બદલી શકાય ?**

**ઉત્તર :** જરૂર બદલી શકાય પરંતુ ગુરુમંત્રને બદલાવાની પ્રક્રિયાની પાછળ આવશ્યકતા અને એ પણ અનિવાર્ય આવશ્યકતા હોવી જોઈએ. મંત્રને બદલવાની પ્રક્રિયા એક પ્રવૃત્તિ, શોખ કે ફેશન ના બનવી જોઈએ. જીવનની એક અનિવાર્ય આવશ્યકતા તરીકે એકાદ વાર મંત્રને બદલવો પડે તે જુદી વાત છે. પરંતુ મંત્રને બદલવાનો ચસકો લાગી જાય અને મંત્રને અવારનવાર બદલ્યા કરાય તો એ બદલવાની પ્રવૃત્તિ સાધકને બદલે બાધક અને તારકને બદલે મારક જ વધારે થઈ પડે.

**પ્રશ્ન : ગુરુની સંનિધિ ના હોય અને પ્રેરણા પણ પ્રાપ્ત થતી બંધ થાય તો એમનો સનાતન સંબંધ સમાપ્ત થયો એવું માનવું ?**

**ઉત્તર :** ના. ગુરુની સ્થૂળ સંનિધિ ના હોય તેથી શું થયું ? એમની સૂક્ષ્મ સંનિધિ રહેવી જોઈએ. ગુરુની પ્રેરણા પણ વધારે વખત કે સદાને માટે જરૂરી ના હોય એવું બની શકે, તો પણ એમના પ્રત્યેની શ્રદ્ધાભક્તિ તો અખંડ જ રહેવી જોઈએ. એને લીધે જ એમનો સંબંધ અમર અથવા સનાતન રહે છે કે બને છે.

એ સંબંધ કદી પણ પૂરો નથી થતો ને ના થવો જોઈએ. પછી એ સ્થૂળ રૂપમાં ચાલુ રહે કે સૂક્ષ્મ રૂપમાં એ જુદી વાત છે.

**પ્રશ્ન : અદ્વૈતની અનુભૂતિ થતા ગુરુ–શિષ્યનો સંબંધ ટકી શકે છે ?**

**ઉત્તર :** ટકી શકે પણ ખરો અને ના પણ ટકી શકે.

**પ્રશ્ન : એટલે ?**

**ઉત્તર :** અદ્વૈતની અનુભૂતિ થયા પછી વસ્તુતઃ એ સંબંધની આવશ્યકતા નથી હોતી. જ્યાં સર્વત્ર, સૌમાં ને સૌના સ્વરૂપમાં પરમાત્મા છે ત્યાં ગુરુ તથા શિષ્યના ભેદ ક્યાંથી ટકી શકે ? તો પણ શિષ્ય ગુરુની એટલી સ્મૃતિ કાયમ રાખે છે, જેમકે શ્રી આદ્ય શંકરાચાર્ય. એ ગુરુ પ્રેમથી પ્રેરાઈને એમના ગુરુને પ્રત્યેક ગ્રંથમાં યાદ કરે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સંબંધમાં પણ એવું જ કહી શકાય. એમની ગુરુભક્તિ જાણીતી છે. જ્ઞાનેશ્વરી ગીતા જેવા ગ્રંથરત્નના વાચનથી એ હકીકત સુચારુરૂપે સમજી શકાય છે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# જન્મદિન નિમિત્તે પ. પૂ. માને શું અર્પણ કરી શકીએ ?

**–નારાયણ હ. જાની**

સામાન્ય રીતે એવું બને છે કે જ્યારે કોઈપણ સાધક વ્યક્તિ કોઈ આશ્રમમાં સાધના માટે જાય, ત્યારે તે પોતાનો ઘણો બધો સમય પોતે સ્વીકારેલા સાધનભજનમાં વિતાવે છે. પરંતુ પોતાના રોજીંદા વ્યાહવારિક જીવનમાં ઘરે પાછો ફરતાં, તેની સાધનાત્મક પ્રવૃત્તિમાં શિથિલતા આવે છે. એમાં ઘણી વ્યક્તિઓની ઈચ્છા હોવા છતાં સાંસારિક જવાબદારીઓ અદા કરવામાં તેઓનો ઘણો બધો સમય ખર્ચાઈ જતો હોય છે પરિણામે સાધનાત્મક પ્રવૃત્તિ મંદ પડી જાય છે.

આમ છતાં આપણે જોઈએ છીએ કે શ્રાવણ માસ, નવરાત્રિ કે પર્યુષણ દરમ્યાન માણસો વિશેષ વ્રતો ને નિયમો સ્વૈચ્છિક રીતે સ્વીકારી પૂરા કરતાં હોય છે. કારણ ! એમના મને તે અંગે સ્વીકાર કરી લીધો હોય છે. એટલે પોતાનાં વ્રતો કે નિયમો પૂરા કરવામાં તેઓ જાગ્રત રહી જરૂરી સમય કાઢી લે છે. પરંતુ થોડા સમય પૂરતી આવતી આ જાગૃત્તિ કે સભાનતા શું કાયમની ના બનાવી શકાય ? જરૂર બનાવી શકાય. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે બધા માણસો માટે તે શક્ય ન બની શકે. કિન્તુ જો સાધક જાગ્રત બની પ્રયાસ કરે તો તે જરૂર શક્ય બની જાય. આ માટે સાધકને કંઈક કારણ મળી જાય, તો તે નિયમ લઈ તે પૂરા કરવામાં લાગી જાય છે. પૂ.માના ભક્તો જાણે છે કે પૂ.મા આપણને કેટલું બધું આપતાં રહે છે અને આપણા આધ્યાત્મિક

કલ્યાણ ઉત્થાન માટે સતત જાગ્રત રહી પુરુષાર્થ કરતાં રહે છે. તો પૂ.માને આપણે શું આપી શકીએ ?

પૂ.માને કોઈ ભૌતિક વસ્તુ કે સંપત્તિ આકર્ષી શકતી નથી. તેથી તેઓને ભેટ સોગાદો ખપતાં નથી. તો પછી આપણી પાસે તેઓને આપવાનું શું બાકી રહે છે ? એક મન જ. એમના કે પ્રભુના નામ સ્મરણ દ્વારા આપણે તેઓને આપણું મન આપી શકીએ. પણ તે શી રીતે બને ?

બને, જરૂર બને, જો આપણે થોડા જાગૃત થઈ સહેજ નવરા પડતાં પૂ.માને યાદ કરતાં રહીએ તો. જરા વિચારો. આપણે આખા દિવસમાં શું એટલા બધા કામમાં વ્યસ્ત કે રોકાયેલાં હોઈએ છીએ કે આપણે કે આપણું મન ફાજલ પાડી થોડો સમય માટે પૂ.મા કે પ્રભુને યાદ ના કરી શકે ? કેટલીય નકામી વાતોમાં નકામાં સંબંધોમાં—સમય વેડફતાં હોઈએ છીએ. શું એ સાંસારિક પ્રવૃત્તિઓથી અળગા રહી, આપણે પૂ.મા કે પ્રભુને યાદ ના કરી શકીએ ?

જરૂર કરી શકીએ, જો આપણને તેઓ પ્રત્યે પ્રેમ હોય તો. આવો પ્રેમ જાગે તો જીવન સાચે જ ધન્ય બની જાય.

પણ તે પૂર્વજન્મનાં સત્કર્મોનાં સંસ્કારો સિવાય શક્ય નથી. તો શું કરવું ? આપણે નિરાશ થઈ બેસી રહેવું કે આપણા માટે તે શક્ય છે જ નહીં !

ના. શક્ય છે. જરૂર શક્ય છે. તે માટે શરૂમાં સહેજ પણ નવરા પડો એટલે યાદ કરો કે પૂ.મા પોતાની ૩૩૪ માળાઓ શી રીતે કરતાં હશે ?

આપણે તો એટલી બધી નથી કરવાની, સિવાય કે કેવળ પ્રભુપ્રાપ્તિનો ભેખ લઈ એક ઠેકાણે બેસી ગયા હોઈએ; કારણ કે



તેમાં તો આઠ—નવ કલાક ઓછામાં ઓછા લાગે—જે સંસારમાં રહી આપણા માટે કાઢવા અઘરા અથવા મુશ્કેલ પડે.

પરંતુ એક કામ જરૂર કરી શકીએ. દિવસના બે ત્રણ કલાક તો કાઢી શકાય. થોડો ઊંઘમાં કાપ મૂકીને, થોડાં એવાં કામ જેમાં હાથથી કામ થતાં રહે ને મનથી સ્મરણ થતું રહે, નકામી વાતો કે વધુ પડતાં ટી.વી. કાર્યક્રમો નીહાળવાનું ટાળીને તે કરી શકાય. દરેકે પોતાના જીવનમાં અપનાવેલ વ્યવસાય કે પ્રવૃત્તિમાંથી પ્રભુસ્મરણ માટે સમય કેવી રીતે કઢાય તે શોધી કાઢવું જરૂરી છે.

અમે ઈચ્છીએ કે હાલ તે અંગે તુરત ન કરો, તો તે અંગે વિચારો તોપણ ઘણું છે. વિચારશો તો જાગૃત્તિ આવશે. ને કદીક તેનો અમલ કરવાની પ્રવૃત્તિ પણ થશે. જે લોકો વિચારતા નથી, તે કદી જાગતા નથી.

આવતી ૧૩મી નવેમ્બરે પૂ.માને ૭૪ વર્ષ પૂરાં થાય છે. તો આપણે તેમના જન્મદિન નિમિત્તે તેઓનાં ચરણોમાં શું ધરી શકીએ ? એમને વધુ પ્રિય એવા જપ.

પૂ. માને જો સૌથી પ્રિય હોય તો જપ છે. એટલે તો કેટલાંય વર્ષો સુધી એકધારા જપ કરીને પોતાના ૧૯ કરોડથી વધુ જપનો સંકલ્પ તેઓએ પૂરો કર્યો છે. તમોને આ ઓગણીસ કરોડ એ શું કહેવાય તેનો ખ્યાલ તો જ આવશે જો તમે એકાદ લાખ માટેનો સંકલ્પ કરી, તે પૂરો કરવામાં કેટલો પરિશ્રમ ને જાગૃતિ રાખવાં પડે છે, તે જાતે અનુભવશો તો.

તેથી સ્વર્ગારોહણના સાધકોને વિનંતિ કરી છે કે શક્ય હોય તો રોજની ૭૫ માળાઓ પૂરી કરી પૂ.માને શ્રીચરણે તેમના જન્મદિને એ બધું આપણે અર્પણ કરી પ્રભુકૃપા અને પૂ.માની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ.

યોગેશ્વર પરિવાર સિવાયના કોઈ વાંચકને આધ્યાત્મિક માર્ગે જપ દ્વારા પ્રગતિ કરવી હોય તો પોતાના ઈષ્ટદેવનો જપ કરી શકે છે. ભલામણ એ છે કે મંત્ર જેમ બને તેમ ટૂંકો હશે તો જપ સંખ્યાનું લક્ષ્ય જલદી પૂરું થશે. એટલું યાદ રહે કે પ્રભુનાં બધાં જ નામ એક ભગવાનનાં જ છે પછી ભલે તે વિષ્ણુ, શંકર, રામ, કૃષ્ણ, જગદંબા, મા કાલી, હનુમાન, ગણપતિ કે કેવળ ૐ હોય. પાતંજલ યોગદર્શનમાં ૐને ઈશ્વરના પ્રતીક રૂપ માની તેના જપ ભાવદર્શનની વાત કરવામાં આવી છે. આ રહ્યાં તે સૂત્રો-

**प्रणवः तस्य वाचकः ।**

**तज्जपः तदर्थभावनम् ।**

આજના કળિયુગમાં નામજપનું મહત્ત્વ ખૂબ જ આંકવામાં આવ્યું છે. પ્રભુનાં આ દિવ્ય નામો—પ્રભુ જે અતિ સૂક્ષ્મ હોઈ અદૃશ્ય લાગે છે, તેની સાથે માનવને જોડવાનું સામર્થ્ય ધરાવે છે. એક વાત સાચી કે જે સૂક્ષ્મ છે, તેના અસ્તિત્વમાં શ્રદ્ધા તો જરૂર રાખવી પડશે. તો જ પ્રારંભ થશે નહીં તો કશું શક્ય નહીં બને.

વિજ્ઞાન અને વધારે પડતા ભૌતિકવાદે આપણને એટલા બધા બહિર્મુખ બનાવી દીધા છે કે જે જોઈ કે ઇંન્દ્રિયોથી અનુભવી શકાય, તેને જ સાચું માની ચાલીએ છીએ. અરે, પ્રભુમાં તો શું ? પોતાનામાં રહેલા સૂક્ષ્મ આત્મતત્ત્વને પણ સ્વીકારવા કે તે પ્રત્યે અભિમુખ થવા માણસો તત્પર નથી. પરંતુ જ્યારે મૃત્યુ આવે છે ત્યારે તેની સામે તેઓની લાચારી પ્રગટ થઈ જાય છે.

એટલે મૂળ વાત એ જ કે જપ કરો, ખૂબ જપ કરો. અને જે ગુરુ કે પ્રભુના સ્વરૂપમાં શ્રદ્ધા ધરાવતા હોવ, તેને તે અર્પણ કરો. પછી જુઓ, જીવનમાં કેવો બદલાવ આવે છે. કેવો ચમત્કાર સર્જાય છે !



# તારું જીવન વેગે વહી જાય

—પૂ.શ્રી યોગેશ્વરજી

તારું જીવન વેગે વહી જાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે.
મોંઘું જીવન વેગે વહી જાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે.
સોનાની ખાણ મળે નિર્ધનને જેવી,
મોંઘી છે જિંદગી મળી તને તેવી,
જાણે તો દળદર બધું યે જાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારું.
સેના છે નાની ને મોટો મહારથી,
રથમાં બેઠેલો છે તેવો મોટો રથી,
તેને સેવ્યે વિજય ખરો થાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારું.
દુનિયાના રંગોને જોઈ ના ભૂલતો,
વૈભવ ને વાસનાના ઝૂલે ના ઝૂલતો,
ઝૂલી પ્રભુના પરમ રસમાંહ્ય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારું.
પાગલ થૈ જીવનમાં ભજવાનો સાર છે,
પ્રભુની સાથે જ જેણે જોડેલો તાર છે,
તેને સેવ્યાથી સિદ્ધ બધું થાય,
પ્રેમ કરી પ્રભુને ભજી લે. તારું.

# સંતસમાગમ : ચેતના—સંબંધ

—તરલાબેન દેસાઈ

**'મારી દેખભાળ—સંવર્ધન સંતો અને મહાત્માઓએ જ કર્યાં છે.'**

—વિમલા ઠકાર

[''માનવજીવન પ્રભુ સાથે સાક્ષાત્કાર માટે છે. સાધનાનો અર્થ છે કે કદી જૂઠું ન બોલવું અને સત્યનિષ્ઠા માટે જે આહુતિ આપવી પડે તે આપવા તૈયાર રહેવું'' એમ પ્રબોધનાર પ.પૂ.વિમલાજી નિરંતર કહે છે કે ''સત્યવાણી, સત્યાચરણ મારા પ્રાણ છે. અસત્યને હું વ્યભિચારથી મોટું પાપ ગણું છું.'' અધ્યાત્મ જગતની આ અનોખી—અનુપમ—અદ્વિતીય વિભૂતિ સમા પ.પૂ.વિમલાજીનાં જીવનનાં સંતસમાગમનાં આ પ્રેરક પ્રસંગો પ્રા.તરલાબેન દેસાઈ લિખિત વિમલાજીનું જીવનકથા આલેખન ''અધ્યાત્મની અગ્નિશિખા : વિમલા ઠકાર'' પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે. અધ્યાત્મનાં સુજ્ઞ વાંચકોને આ પ્રસંગો અધ્યાત્મમાર્ગ પર વિશેષ પ્રકાશ પાડશે તેવી શ્રદ્ધા વિશ્વાસ સાથે અહીંયા રજૂ કરીએ છીએ.]

—તંત્રી

વિમલાજીની ઈશ્વરજિજ્ઞાસા બાળવયથી જ અત્યંત તીવ્ર હતી એટલે બાલિકા વિમલને ભૌતિક જગત કરતાં ભાવનાસૃષ્ટિ વધારે આકર્ષતી, સાતમે વર્ષે તો એમણે આક્કા અને ભાઈઓને કહી દીધેલું : 'મારી આંખોમાં પ્રભુ સમાઈ ગયા છે. એ કોણ છે, ક્યાં છે, કેવા છે. પૂછશો મા. મારું હૃદય તેણે ચોરી લીધું છે. તેની બનાવેલી દુનિયામાં રહીને તેની સેવા કરવી છે. એનાથી



વધારે આ દુનિયા સાથે મારે નાતો નથી.'

અધ્યાત્મગ્રંથોનું આકર્ષણ તો એટલું બધું કે રાત્રે ભાઈઓ વાંચવા દે નહીં તો પલંગની ચારે બાજુ ધાબળો નાંખીને, ફાનસના અજવાળે વાંચે ! યોગવસિષ્ઠ, દાસબોધ, જ્ઞાનેશ્વરી અને રામતીર્થ તેમજ વિવેકાનંદનું સાહિત્ય મેટ્રિક પહેલાં વાંચી લીધાં હતાં. ભાઈઓ ગુસ્સે થઈ પૂછતા : 'સાધુ—સંન્યાસી બનવું છે ?' તે કહેતી : 'હા.' એ ધ્યાનમાં એવી લીન થઈ જતી કે ભાઈઓ શરીર પર ટાંકણી ઘોંચે, લોહી નીકળે પણ વિમલને એની જાણ સુધ્ધાં ન થતી ! એક વાર તો સળગતી દીવાસળી પણ તેને ચાંપી જોવાયેલી ! ભાઈઓ રમવા ચાલ્યા જાય ત્યારે પોતે બારણું બંધ કરી જમીન પર ચોકસ્ટિકથી ભારતવર્ષનો નકશો દોરી એમાં રામેશ્વર, દ્વારિકા, કન્યાકુમારીનાં સ્થાન અંકિત કરે, પછી ત્રાંબાના લોટાને દોરી બાંધીને તેમાં પાણી રેડી, ફરતો રૂમાલ બાંધે; જ્યાં રામેશ્વર લખ્યું હોય ત્યાં ઊભી રહીને રામેશ્વરનું ધ્યાન ધરે પછી કન્યાકુમારી, દ્વારિકા, કાશી આવું ભ્રમણ ચાલે !

હિમાલયનું તો વિમલને ઘેલું હતું. હિમાલયનું ચિત્ર દોરતાં અને પોતે હિમાલયમાં જ છે એવું અનુભવતી. ભાઈઓ માને કહેતા : 'બહેનનાં આ લક્ષણો સારાં નથી.' માને સ્વાભાવિક જ ચિંતા થતી. છોકરીઓને ઘરેણાં—કપડાંનો શોખ હોય, આને તો એવો કોઈ પ્રકારનો શોખ જ નથી. ગળામાં બોરમાળા પહેરાવી તો તેણે દાંતથી ચાવી—ચાવીને પેટીમાં મૂકી રાખી. જરીનાં કપડાં પહેરાવતાં. તે ફાડી નાખ્યાં ને કહ્યું : 'મને રામકૃષ્ણ—વિવેકાનંદમાં અધિક રસ છે.' ચિંતાતુર મા ડૉક્ટર પાસે લઈ ગયાં તો ડૉક્ટરે કહ્યું : 'છોકરી માનસિક—શારીરિક રીતે

બિલકુલ સ્વસ્થ છે. કોઈ abnormality–વિકૃતિ નથી.'

મેટ્રિકની પરીક્ષા પૂરી થયે વિમલ એની બહેનપણીની સાથે કોટા ગઈ ત્યાંથી તેઓ વૃંદાવન–મથુરા ગયાં. વૃંદાવનના મધુવનમાં એક ઝૂલા પર રાધા–ગોપાળની પ્રતિમા, ચોતરફ કૃષ્ણલીલાનો ગુંજારવ એમાં વિમલે લીધું રામનામ ! એક પાંચેક વર્ષનો બાળક વિમલની સાડીનો છેડો ખેંચી કહે :

**'રામનામ ગાઓગે તો ખટ્ટે બેર ખાઓગે**
**કિશન નામ ગાઓગે તો મખ્ખન–મિસરી પાઓગે'**

અને વિમલને 'શ્રીકૃષ્ણ શરણં મમ' બોલતાં શીખવાડ્યું. વિમલે છ પ્રદક્ષિણા રામનામની અને પાંચ પ્રદક્ષિણા કૃષ્ણનામની કરી; રાધાકૃષ્ણને વંદના કરી અને પાછળ જોયું તો પેલો બાળરાજા ગાયબ !

કોટાથી પાછા ફરતાં વિમલ મા આનંદમયીનાં દર્શને ગઈ. તેમને કહ્યું : 'સંન્યાસ લેવો છે. કોઈ પુરુષ ગુરુ પાસે નથી લેવો.' માએ કહ્યું : 'હાં સંન્યાસ લેવો છે રે...' પોતાની સાડી બતાવી કહ્યું : 'સંન્યાસ કંઈ કપડાંમાં હોય છે ?' એ તો બેટા, અંદર હોય છે. ખૂબ ભણો. સંન્યાસભાવ હશે તો અંદરથી ઊગી નીકળશે.

સાતમે વર્ષે વિમલ એમના નાના સાથે અમરકંટકના સ્વામી સીતારામદાસજી મહારાજ પાસે ગઈ. મહારાજને ખેચરી મુદ્રા સિદ્ધ હતી. યોગાસન, પ્રાણાયામ વિમલ તેમની પાસે જ શીખ્યાં. એ વખતે સ્વામીજી એકસો પચ્ચીસ વર્ષના હતા. ૧૯૬૯માં ૧૬૨ વર્ષની ઉંમરે એમણે દેહ છોડ્યો.

એક નાગાબાબા હતા તે વિમલને 'બંદરિયા' કહેતા. મંદિરમાં જાય નહીં, પૂજા–આરતી માટે બોલાવે ત્યારે પણ જાય



નહીં. ઝાડ પર ચઢી જાય ! મહારાજ પ્રસાદ લઈને તેની પાસે જાય ને કહે 'લે બંદરિયા લે' વિમલાજી કહે છે : 'નાનપણમાં મારો સ્વભાવ ઉદ્દંડ હતો, પરંતુ બીજા સાથે નહીં, કેવળ સંતો સાથે. બીજા કોઈની પાસે એક શબ્દ પણ મેં માથું ઊંચકીને કહ્યો નથી.'

કનોજના ગૌરીશંકર મહારાજ કાલીમાતાના ઉપાસક હતા. સંત તુકડોજી સાથે એમની ગાઢ મૈત્રી હતી. વિમલ એક વાર એમની પાસે જઈ કહે : 'મારે ચમત્કાર જોવા છે.' મહારાજે કહ્યું : 'તારી સખીઓને લઈને આવ.' એ તો સખીઓ સાથે ગઈ એ સમયે મહારાજને ત્રણ ચાર ડિગ્રી તાવ હતો. એમણે પોતાનું માથું તકિયા પર રાખ્યું, કહેવા લાગ્યા : 'તકિયામહારાજ, તકિયામહારાજ મને બધાં મળવા આવ્યાં છે. થોડા સમય માટે મારો તાવ લઈ લો.' એમ કહી તકિયાને ધાબળો ઓઢાડી દીધો. પછી કહ્યું : 'હું જીવું છું કે મરી ગયો છું એ જોવા માટે મારી નાડી તો જરા જુઓ.' જોયું તો નાડીના ધબકારા ગાયબ હતા ! કહ્યું : 'થરમોમિટર લાવો' એક હાથમાં લગાવ્યું તો ૧૦૫° તાવ બીજા હાથમાં લગાવ્યું તો ૯૬° ! હસતાં હસતાં કહે : 'શરીરનું તો શું જેવું રાખો તેવું રહે.' પછી તકિયાને કહ્યું : 'તકિયા મહારાજ તાવ પાછો આપો.' તકિયો તાવની ગરમીને કારણે દાઝી જતાં કાળો પડી ગયેલો, તાવ પાછો માગી લેતાં તે યથાવત્ થઈ ગયો. મહારાજ સૂઈ ગયા. તાવ માપ્યો તો ૧૦૪° હતો.

સંત તુકડોજી મહારાજ તો વિમલના નાનાના ઘરે તરુણવયથી જ હતા. એક વાર વિમલ રામ–પ્રતિમા પર ત્રાટક કરી રહી હતી. એ જોઈ મહારાજે પૂછ્યું : 'કોનું ધ્યાન ધરે છે ?' વિમલ કહે : 'રામનું.' મહારાજે 'ક્યાં છે રામ ?' પૂછતાં

વિમલે રામની છબી બતાવી. તુકડોજી કહે : 'આ તો કાગળ છે. કાગળ પર ચિત્ર છે. ચિત્ર કોઈકે દોરેલું છે.' તે દિવસથી વિમલે છબી વીંટાળીને મૂકી દીધી અને સૂર્ય—ચન્દ્રનું ધ્યાન ધરવા માડ્યું, કેમકે એ તો માનવસર્જિત નહોતા, પણ મહારાજે સમજાવ્યું 'એ ક્યાં બહાર છે ? બહારની આંખથી તે જોઈ શકાય એ થોડું ધ્યાન છે ? એ તો અંદર જોવાનું હોય છે.'

વિમલ ભંડારામાં અભિનવ ભારત વિદ્યાલય ચલાવતાં હતાં ત્યારે તુકડોજી મહારાજ ભંડારા ગયા હતા. નાની અને કાકી મોજરી મહારાજના આશ્રમમાં જવા માંગતાં હતાં. વિમલને કહ્યું : 'તું પણ અમારી સાથે ચાલ.' વિમલે કહ્યું : 'હું નહીં આવું. એ ક્યાં બ્રાહ્મણ છે ?' એ બ્રાહ્મણ નથી. પ્રસાદી આપશે તે હું નહીં લઉં, હાર નહીં પહેરાવું. નાનીએ કહ્યું : 'કાંઈ ન કરતી, પણ ત્યાં સુધી ચાલ તો ખરી.' વિમલ ગઈ. એ લોકો દર્શન કરવા ગયાં. વિમલ તો ગાડીમાં જ બેસી રહી. મહારાજે પૂછ્યું : 'એ લડાયક કેમ બહાર બેઠી છે ? એને અંદર બોલાવો.' મહારાજના સેવકો વિમલને બોલાવવા ગયા. વિમલ ગઈ. મહારાજે એકદમ ઊભા થઈ કહ્યું : 'આવો આવો ભૂદેવ !' ન તો તમારે ચરણસ્પર્શ કરવો પડશે ન તો તમારે માળા પહેરાવવી પડશે કે ન તો તમારે એઠું ખાવું પડશે વિમલ તો એકદમ સ્તબ્ધ બની ગઈ. થયું કે મારા મનની વાત અમને ખબર કેવી રીતે પડી ? મહારાજ તો પૂછવા લાગ્યા : 'ઝઘડો કરવો છે ? તું ઝઘડો કરવાની તૈયારી કરીને આવી છું ને ?' વિમલે કહ્યું : 'મારે કંઈ ઝઘડો કરવો નથી. તમારી પાસે જરૂર એવી કોઈ વિદ્યા છે જેથી કરીને મારા મનમાં શું છે એની તમને ખબર પડી છે. જો એ વિદ્યા મને મળે તો વાત કરીશ.' (ક્રમશઃ)



# હિમાલયના પત્રો-સાચા હૃદયનો તલસાટ

**યોગેશ્વરજી**

ધરમપુર

તા. ૨૬ મે, ૧૯૪૬

પ્રિય નારાયણ,

ઘણા દિવસ થયા તારો પત્ર નથી. કારણમાં શું સમજવું ? આળસ, અનિશ્ચિતતા કે પછી સ્વાસ્થ્યની ખરાબી ? જે હોય તે, પરંતુ આ પત્ર મળે એટલે તરત પત્ર લખજે.

ઉપર ધરમપુર વાંચીને તને લાગશે કે દેવપ્રયાગથી ધરમપુર કયારે આવવાનું થયું. તને ખબર નહિ હોય કે પંચગિનીથી મનુભાઈ અહીં આવ્યા છે. તેમની પાસે થોડા દિવસ રહેવા હું અહીં આવ્યો છું. આ સ્થળ પંજાબમાં છે ને સીમલા હીલ્સમાં ગણાય છે. કુદરતી સૌન્દર્યની દૃષ્ટિએ સુંદર છે.

તેં દેશમાં જવા લખેલું તો કદાચ તું અત્યારે દેશમાં હશે. યાદ તારી વારંવાર આવતી, પરંતુ તારા પત્રની રાહ જોવી ઠીક લાગવાથી ઠેઠ આજે જ્યારે તારો પત્ર નથી જ તો લખું છું.

હમણાં શું ચાલે છે ? જીવનનું લક્ષ ઈશ્વરદર્શન છે એ કદીયે ભૂલવું જોઈએ નહીં. તારા પ્રાથમિક જીવનના સંસ્કારો ખૂબ ઊંચા છે, ને તારા હૃદયમાં આધ્યાત્મિકતાનું ચિરંજીવ ઝરણું વહે છે, જે પરિસ્થિતિ ને સ્થળ કે સમય કશાના પ્રભાવમાં આવી જઈને લુપ્ત થઈ શકે તેમ નથી. કેમ કે પૂર્વજન્મમાં તેં આ માર્ગે પ્રયાણ કર્યું છે, ને આ જીવનમાં પણ તારું અંતિમ લક્ષ તે જ છે. ઈશ્વર પોતે જ તને છોડે તેમ નથી. ને હરેક પરિસ્થિતિમાંથી

બહાર સુરક્ષિત રીતે ખેંચી લાવીને તે તને પોતાને જ માટે તૈયાર રાખશે. તારો ધર્મ એટલો જ છે કે જે પ્રવૃત્તિ ચાલે છે તેને ઈશ્વરની ઈચ્છા સમજવી, ને તેનો સર્વ ભાર તેના હાથમાં સોંપીને જીવનની જે જે આરામની ક્ષણો મળે છે તેમાં તેના પવિત્ર પ્રેમથી ઓતપ્રોત થવા ઉત્કટ પ્રયાસ કરવો.

ઉત્કટ પ્રયાસ હું નિરંતર સાધના અથવા તો લગનને કહું છું. ઈશ્વરી પ્રેમને માટે સાચા હૃદયથી તલસવું જોઈએ. તેની મહાન કૃપાને માટે બને તેટલા વ્યાકુળ થઈને પ્રાર્થતા રહેવું જોઈએ. હરેક ક્ષણ તેના સ્મરણમાં પસાર કરવી જોઈએ ને પ્રત્યેક વસ્તુમાં, પ્રત્યેક વ્યક્તિને રૂપે તે છે, એમ સમજી તેનું દર્શન કરવું જોઈએ. વાસનાના થર જ્યાં લગી દૂર થયા નથી ત્યાં લગી આવો અલૌકિક અનુભવ સ્વભાવ સિદ્ધ થતો નથી. માટે વાસનાની વિશુદ્ધિ માટે હરસમય આત્મપરીક્ષણ ચાલુ રહેવું જોઈએ. પરંતુ એક વાત એવી પણ છે કે ઈશ્વરી પ્રેમનો પ્રકાશ જેટલા વધારે પ્રમાણમાં હૃદયનાં પ્રાંગણમાં પડશે તેટલા જ વધારે પ્રમાણમાં અજ્ઞાન અથવા તો વાસનાનો અંધકાર દૂર થશે. તેથી ઈશ્વરના પ્રેમને બને તેટલો વધારવા પ્રયાસ કરવો જોઈએ. આને વધારવાનો એક જ માર્ગ ઈશ્વરી કૃપાની યાચના ને નામસ્મરણ-જપનો છે.

જીવન ખૂબ જ ચંચલ છે. વૃત્તિઓ પણ ખૂબ પ્રબલ છે. તેમજ આ આંખ બંધ થાય તે પહેલાં જ જીવનના લક્ષને પ્રાપ્ત કરી લેવાનું છે. જેથી એકાદ રામકૃષ્ણદેવ જેમ આપણે પણ કહી શકીએ કે હા, મેં ઈશ્વરને જોયો છે, ને તને પણ બતાવી શકું તેમ છું. ઓછામાં ઓછી 'ઈશ્વરને જોયો છે' એ સ્થિતિ તો



આવવી જ જોઈએ. નહિ તો આ મહામોંઘા જીવનને બીજી વસ્તુઓમાં વેડફી નાખવાનો શો અર્થ છે ?

ખૂબ પ્રેમ ને શ્રદ્ધાથી ઈશ્વરના જપધ્યાનમાં નિરંતર લાગી રહેવું જોઈએ. સાધન હંમેશ નિયમિત ને અતૂટ રહેવું જોઈએ. દર્શનની એટલી ચિંતા ના કરવી જોઈએ જેટલી પ્રેમની પ્રાપ્તિની ને હંમેશના ભજનની. જેમ શરાબીને શરાબનો નશો લાગી જાય છે, ચાહે તે બેહાલ પણ થઈ જાય છતાં તેનો ચસકો છૂટે નહિ, ભજનનો તેવો જ રસ લાગી જવો જોઈએ. ઊઠતાં, બેસતાં, હરેક કામ કરતાં નામસ્મરણ ચાલુ રહેવું જોઈએ. દર્શન થાય કે ના થાય, વહેલું થાય કે મોડું થાય. કાંઈ જ ચિંતા નથી. એ બધું ભગવાનના હાથમાં છે. તેની વાત તે જાણે. પણ આપણો ધર્મ-આપણો પોકાર કદી છૂટવો ના જોઈએ.

★

અત્યારે ઈશ્વરની ઈચ્છાથી મારા હૃદયમાં એક મહાન માર્ગની ઝાંખી થઈ છે, ને મને ચોક્કસપણે લાગી રહ્યું છે કે મારું જીવનકાર્ય આ જ છે. જો હું તને તેનું સવિસ્તાર વર્ણન કરું તો તે શક્ય નથી-દક્ષિણેશ્વર જતાં જે પત્ર તને લખેલો તેમાં તેની ઝલક હતી જ, પરંતુ એટલું તો ચોક્કસ છે કે તે એક ઈશ્વરનો નિશ્ચય છે. ને ઈશ્વરી નિશ્ચય હોવાથી તેમાં મીનમેખ કરી શકે એવી તાકાત કોઈ જ નથી. મારા હૃદયમાં જે જે પ્રેરણા આજ લગી ઉત્પન્ન થઈ છે, તેનો માર્ગ ને તેની પૂર્તિ ઈશ્વરે કર્યા જ કરી છે. એટલે થોડા જ સમયમાં આ વસ્તુ પણ થઈ જશે.....ત્યારે તે મારે માટે ને માનવતાને માટે એક મહાન આશીર્વાદ થશે.

આપણી ગાડીને નાનાં નાનાં સ્ટેશનોએ ભૂલથી પણ રોકવી

જોઈએ નહીં. ગંતવ્યસ્થાન સુધી તેને ચલાવ્યે જ રાખવી જોઈએ. કોઈ પણ ભાવના, લાગણી કે બુદ્ધિના પ્રસંગથી પ્રભાવિત થઈને તેને રોકી રાખવાની નથી, પરંતુ કોમલમાં કોમલ ફૂલ જેવા છતાંયે એક જડ પત્થર જેવા-સતત મનોબળવાન થઈને-આગળ ને આગળ વધ્યે જવું જોઈએ. આ સંસારમાં અનેક મહાપુરુષો થઈ ગયા છે. માનવની સામાન્ય વાસનાઓથી પર ને પ્રકૃતિવિજયી એવા અનેક મૃત્યુંજય યોગીઓ થઈ ગયા છે, તેવા જ યોગી થવું જોઈએ. યોગીનો અર્થ જંગલમાં જવાનો કે બધું છોડી દેવાનો નથી, પરંતુ હરરોજના જીવનમાં સાવધ રહીને દૈવી સંપત્તિમાં જવાનો, કામ ને ક્રોધમાંથી, પ્રેમ ને કરુણામાં જવાનો ને શરીરની અંદર ચેતના છે, તે આપણા સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર-આત્મદર્શન કરવાનો છે. આજે જગતની અનેકવિધ પ્રવૃત્તિ વચ્ચે આ વધારે સંભવિત નથી, પરંતુ આ દૃષ્ટિને પણ જરીયે વિસારે પાડવાની નથી....કેમ કે આના વિના જીવનની કીમત એક કોડીનીયે નથી.

અત્યારે તો ખૂબ જ અનેરી રીતે દિવસો પસાર થાય છે. ગયા વર્ષે દેવપ્રયાગ આવવાનું થયું ત્યારથી એક નવી દિશા સૂઝી છે. તે પ્રમાણે આઠે પહોર તેમાં જ-ધ્યાનમાં પસાર થાય છે. આ વસ્તુની સિદ્ધિ સત્વર થતાં તારા જેવા બીજા અનેક આધ્યાત્મિક વિકાસ ઈચ્છતા સાધકોને ખૂબ જ ઓછા પ્રયાસે કેવલ શ્રદ્ધા ને પ્રેમ રાખવાથી જ જીવનનું અભિસ્થિત પ્રાપ્ત થઈ જશે. મારું શરીર આટલા જ માટે જન્મેલું છે કે માનવ જાતિની આગળ આધ્યાત્મિક ને યૌગિક પરિપૂર્ણતાનો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ



દાખલો એક વાર ફરી મૂકીને તેમજ તે શક્તિનો ઉપયોગ જીવનના ને માનવજાતિના હિતમાં કરીને લુપ્તપ્રાય આધ્યાત્મિક માનસને જાગૃત કરી યોગ અથવા ઈશ્વરની અશ્રદ્ધાને ફરી વાર નિર્મૂલ કરી દેવી. જડવાદની આજની ભયંકર તાકાત સામે નાનીસૂની આત્મિક શક્તિથી ચાલે તેમ નથી, ને તેથી જ ઈશ્વરે પોતાના સમસ્ત મહિમા સાથે મારામાં પ્રકટવાનું પસંદ કર્યું છે. મને શા માટે પસંદગી આપી છે તે તે જ જાણે છે. પરંતુ આ બાબત માટે મને જરીયે શંકા નથી રહી, ને દિવસે દિવસે હું તેનો સ્વર વધારે ને વધારે સ્પષ્ટ ને તીવ્ર રૂપમાં સાંભળી રહ્યો છું. જે તેની પ્રેરણા છે તેની પૂર્તિ માટેનાં ઉપકરણ પણ તે જ તૈયાર કરે છે.... પણ આજે મારા આનંદનો પાર નથી કેમ કે પોતાનું આવું હથિયાર બનાવીને મારા જેવા દરિદ્ર પ્રેમીને ઈશ્વરે મહાન ભાગ્ય આપવા ધાર્યું છે એમ હું સમજું છું.

***ચિભડાનો ચોર દંડાય ને કરોડોની ચોરી કરનાર પૂજાય, એવી વ્યવસ્થા ભગવાને નથી કરી, માણસે ને સમાજે કરી છે.***

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# મરણનું સ્મરણ રહેવું જોઈએ

**વિનોબા ભાવે**

આ આઠમા અધ્યાયમાં એવો સિદ્ધાંત રજૂ કર્યો છે કે જે વિચાર મરણ વખતે સ્પષ્ટ તેમ જ ઊંડો ઠસી ગયેલો હોય તે જ વિચાર પછીના જન્મમાં સૌથી જોરાવર ઠરે છે. એ ભાથું બાંધીને જીવ આગળની યાત્રાને માટે નીકળે છે. આજના દિવસની કમાણી લઈને ઊંઘી ઊઠ્યા પછી કાલના દિવસની આપણે શરૂઆત કરીએ છીએ. તે જ પ્રમાણે આ જન્મે મેળવેલું ભાથું બાંધીને મરણની મોટી ઊંઘમાંથી ઊઠ્યા પછી ફરી પાછી આપણી યાત્રા શરૂ થાય છે. આ જન્મનો અંત તે આગળના જન્મની શરૂઆત બને છે. એથી મરણનું સ્મરણ રાખી જીવનનો વહેવાર કરો.

મરણનું સ્મરણ રાખીને જીવવાની વળી વધારે જરૂર એટલા માટે છે કે મરણની ભયાનકતાનો સામનો કરી શકાય, તેમની સામે તોડ કાઢી શકાય. એકનાથના જીવનનો એક પ્રસંગ છે. એક ગૃહસ્થે નાથને પૂછ્યું, ''મહારાજ, તમારું જીવન કેટલું સાદું ને નિષ્પાપ! અમારું એવું કેમ નથી? તમે કદી કોઈના પર ગુસ્સે થતા નથી, તમારે કોઇ સાથે ટંટો નહીં, તકરાર નહિ. તમે કેવા શાંત, પવિત્ર અને પ્રેમાળ છો.'' નાથે કહ્યું, ''મારી વાત હમણાં રહેવા દે. તારી બાબતમાં મને એક વાતની ખબર પડી છે. તારું આજથી સાત દિવસ રહીને મરણ છે.'' નાથે કહેલી વાત ખોટી કોણ માને? સાત દિવસ રહીને મરવાનું! ફક્ત એકસો ને અડસઠ કલાક બાકી! અરેરે! હવે શું થાય? તે માણસ ઝટપટ ઘેર ગયો. તેને કંઇ સૂઝે નહિ. બધી મેલમૂકની વાત,



સોંપણનોંધણ પણ કરવા માંડી. પછી તે માંદો પડ્યો. પથારીએ પડ્યો. છ દહાડા એમ ને એમ જતા રહ્યા. સાતમે દહાડે નાથે પૂછ્યું, ''આ છ દિવસમાં કેટલું પાપ થયું? પાપના કેટલા વિચાર મનમાં ઊઠ્યા?'' તે આસન્નમરણ માણસે જવાબ આપ્યો, ''નાથ! પાપનો વિચાર કરવાનો વખત જ ક્યાં હતો? નજર સામે મરણ એકસરખું ઘૂમ્યા કરતું હતું.'' નાથે કહ્યું ''અમારું જીવન નિષ્પાપ કેમ હોય છે તેનો જવાબ તને હવે મળી ગયો.'' મરણનો વાઘ હમેશા સામે ઘૂરકતો ઊભો હોય ત્યારે પાપ કરવાનું સૂઝે ક્યાંથી? પાપ કરવું હોય તો તેને માટે પણ એક જાતની નિરાંત જોઇએ. મરણનું હમેશ સ્મરણ રાખવું એ પાપમાંથી મુક્ત રહેવાનો ઈલાજ છે. મરણ સામું દેખાતું હોય ત્યારે કઇ હિંમતે માણસ પાપ કરશે?

પણ મરણનું સ્મરણ માણસ હંમેશ ટાળતો ફરે છે. પાસ્કલ નામનો એક ફ્રેંચ ફિલસૂફ થઇ ગયો છે. તેનું **પાંસે** એટલે વિચાર. જુદા જુદા સ્ફુટ વિચારો એ પુસ્તકમાં તેણે રજૂ કર્યા છે. તેમાં તે એક ઠેકાણે લખે છે, ''મૃત્યુ સતત પીઠ પાછળ ઊભું છે પણ મૃત્યુને ભૂલવું કેવી રીતે તેના પ્રયાસમાં માણસ કાયમ મંડ્યો રહે છે. મૃત્યુને યાદ રાખીને કેમ વર્તવું એ વાત તે નજર સામે રાખતો નથી. ''માણસથી મરણ શબ્દ સુદ્ધાં સહેવાતો નથી. જમતી વખતે કોઇ મરણ શબ્દનો ઉચ્ચાર કરે તો કહે છે, 'અરે! કેવું અભદ્ર બોલે છે!' પણ તેમ છતાં, મરણ તરફની મજલ હરેક પગલે અચૂક કપાતી જાય છે. મુંબઈની ટિકીટ કપાવીને એક વાર રેલગાડીમાં બેઠા પછી તમે બેઠા રહેશો તો પણ ગાડી તમને મુંબઈમાં લઈ જઈને નાખશે. આપણે જન્મ્યા ત્યારથી જ મરણની ટિકિટ કપાવેલી છે. તમારે જોઈએ તો બેસો કે દોડો.

બેઠા રહેશો તો પણ મૃત્યુ છે, દોડશો તો પણ મૃત્યુ છે. તમે મરણના વિચારને પકડી રાખો કે છોડી દો. પણ તે ટાળ્યો ટળતો નથી. બીજું બધું કદાચ અનિશ્ચિત હોય પણ મરણ નિશ્ચિત છે. સૂર્ય અસ્ત પામે છે તેની સાથે માણસના આવરદાનો એક કકડો ખાતો જાય છે. જીવનના ટુકડા એક પછી એક કરડાતા જાય છે. આવરદા ઘસાતી જાય છે, ઘટતી જાય છે. તો પણ માણસને તેનો વિચાર આવતો નથી. જ્ઞાનદેવ કહે છે, **कौतुक दिसतसे–** કૌતુક દેખાય છે. માણસને આટલી નિરાંત ક્યાંથી રહે છે એ વાતનું જ્ઞાનદેવને આશ્ચર્ય થાય છે. મરણનો વિચાર સુદ્ધાં સહન ન થાય એટલી હદ સુધી માણસને મરણનો ડર લાગે છે. એ વિચારને તે ટાળતો ફરે છે. જાણીબૂજીને તે આંખ મીંચી જાય છે. લડાઈમાં જનારા સિપાઈ મરણનો વિચાર ટાળવાને સારું રમતગમત કરશે, નાચશે, ગાશે, સિગારેટ પીશે. પાસ્કલ લખે છે, 'પ્રત્યક્ષ મરણ સામે દેખાતું હોવા છતાં આ ટોમી, આ સિપાઈ તેને વીસરી જવાને માટે ખાશે, પીશે ને રાગડા તાણશે.'

આપણે બધા આ ટોમી જેવા જ છીએ. ચહેરો ગોળ, હસતો રાખવાના, સૂકો હોય તો તેલ, પોમેડો લગાડવાના. વાળ પાકીને ધોળા થઈ ગયા હોય તો કલપ લગાડવાના પ્રયાસોમાં માણસ મંડ્યો રહે છે. છાતી પર સાક્ષાત મૃત્યુ નાચતું હોવા છતાં તેને વિસારે પાડવાની કોશિશમાં આપણે બધા ટોમીઓ જરાયે થાક્યા વગર મંડ્યા રહીએ છીએ. બીજી ગમે તે વાત કરશે પણ કહેશે મરણનો વિષય છેડશો મા. મેટ્રિક પાસ થયેલા છોકરાને પૂછશો, 'હવે શું કરવા ધાર્યું છે?' તો તે કહેશે, હમણાં પૂછશો મા. હમણાં ફર્સ્ટ ઈયરમાં છું.' પછીને વર્ષે પાછું પૂછશો તો કહેશે, 'પહેલાં ઈન્ટર તો પાસ થવા દો, પછી આગળ જોઈશું!' એમ ને



એમ તેનું ગબડે છે. આગળ શું છે તે પહેલેથી જોવું નહિ જોઈએ કે? આગળના પગલાની પહેલેથી તજવીજ કરી રાખવી સારી. નહિ તો તે ક્યાંક ખાડામાં નાખી દેશે. પણ વિદ્યાર્થી એ બધું ટાળે છે. એ બિચારાનું શિક્ષણ જ એવું અંધકારમય હોય છે કે તેમાંથી પેલી પારનું ભવિષ્ય તેને મુદ્દલ દેખાતું નથી. એથી પછી શું કરવું એના વિચારને તે નજર સામે ફરકવા જ દેતો નથી. કારણ બધું જ અંધારું ઘોર છે. પણ એ આગળનું એમ ટાળી શકાતું નથી. તે બોચી પર આવીને બેઠા વગર રહેતું નથી.

કોલેજમાં પ્રોફેસર તર્કશાસ્ત્ર શીખવે છે. 'માણસ મર્ત્ય છે. સોક્રેટીસ માણસ છે એટલે તે અચૂક મરવાનો.' આવું અનુમાન પ્રોફેસર શીખવે છે. સોક્રેટીસનો દાખલો આપે છે, પોતાનો કેમ નથી આપતો? પ્રોફેસર પોતે પણ મર્ત્ય છે. 'બધાં માણસ મર્ત્ય છે, માટે હું પ્રોફેસર પણ મર્ત્ય છું અને હે શિષ્ય, તું પણ મર્ત્ય છે.' એવું તે પ્રોફેસર શીખવશે નહિ. તે એ મરણને સોક્રેટીસને માથે ધકેલી દે છે. કારણ સોક્રેટીસ મરી પરવારેલ છે. તે તકરાર કરવાને હાજર નથી. શિષ્ય ને ગુરુ બંને સોક્રેટીસને મરણ અર્પણ કરી પોતાની બાબતમાં **तेरी भी चूप, मेरी भी चूप** જેવો રહે છે. તેમને જાણે એવું લાગે છે કે આપણે અત્યંત સલામત છીએ.

મૃત્યુને વીસરી જવાનો આવો આ પ્રયાસ સર્વત્ર રાત ને દિવસ જાણીબૂજીને ચલાવાય છે. પણ મૃત્યુ ટળે છે ખરું કે? કાલે મા મરી ગઈ એટલે મૃત્યુ સામું આવીને ડોળા ઘુરકાવતું ઊભું જાણો. નિર્ભયપણે મરણનો વિચાર કરી તેનો તોડ કાઢવાની માણસ હિંમત કરતો જ નથી. હરણની પાછળ વાઘ પડ્યો છે. હરણું ચપળ છે. પણ તેનું જોર ઓછું પડે છે. તે

આખરે થાકી જાય છે. પેલો વાઘ, પેલું મરણ આવતું હોય છે. તે ક્ષણે તે હરણની કેવી સ્થિતિ થાય છે? વાઘ તરફ તેનાથી જોઇ શકાતું નથી. જમીનમાં મોં ને શીંગડાં ખોસી તે આંખ મીંચીને ઊભું રહે છે. 'આવ ભાઇ ને માર હવે ઝડપ' એમ જાણે કે તે નિરાધાર થઈને કહે છે. આપણે મરણને સામું જોઇ શકતા નથી. તેને ચૂકવવાની ગમે તેટલી તરકીબો કરો તો પણ મરણનું જોર એટલું બધું હોય છે કે છેવટે તે આપણને પકડી પાડ્યા વગર રહેતું નથી.

અને મરણ આવે છે એટલે માણસ જીવનની સિલક તપાસવા બેસે છે. પરીક્ષામાં બેઠેલો આળસુ ઠોઠ વિદ્યાર્થી ખડિયામાં કલમ બોળે છે ને બહાર કાઢે છે. પણ ધોળા ઉપર કાળું થવા દે તો શરત. અલ્યા, થોડુંયે લખીશ કે નહિ? કે પછી સરસ્વતી આવીને બધું લખી જવાની છે? તે કોરા પેપર આપી આવે છે. અથવા છેવટે કંઇકનું કંઇક ચીતરી મારે છે. સવાલના જવાબ લખવાના છે, એનો કશો વિચાર નથી. આમ જુએ છે ને તેમ જુએ છે. એવું જ આપણું છે. જીવનનો બીજો છેડો મરણને અડે છે એ વાત ખ્યાલમાં રાખી તે છેવટની ઘડી પુણ્યમય, અત્યંત પાવન, રૂડી કેવી રીતે થાય એનો અભ્યાસ આયુષ્યભર રાખવો જોઇએ. ઉત્તમમાં ઉત્તમ સંસ્કાર મન પર કેમ ઠસે એનો વિચાર આજથી જ થવો જોઇએ. પણ સારા સંસ્કારનો અભ્યાસ કોને કરવો છે? બૂરી વાતોનો મહાવરો માત્ર ડગલે ને પગલે થયા કરે છે. જીભ, આંખ, કાન એને આપણે સ્વાદ લગાડી લગાડી બહેકાવી મૂકીએ છીએ. પણ ચિત્તને જુદો મહાવરો પાડવો જોઇએ. સારી વાતો તરફ ચિત્તને દોરવું જોઇએ. તેનો તેને રંગ લગાડવો જોઇએ. ભૂલ જણાય છતાંયે તે પાછી કર્યા



કરવી? જે ક્ષણે ભૂલ સમજાય તે ક્ષણ પુનર્જન્મની ગણો. તે તારું નવું બાળપણ. તે તારા જીવનની બીજી નવી સવાર છે એમ સમજ. હવે તું ખરો જાગ્યો. હવે રાત ને દિવસ જીવનનું પરીક્ષણ કર, સંભાળીને ચાલ. એમ નહિ કરે તો પડીને પાછો અફળાઇશ, પાછો બૂરાનો અભ્યાસ ચાલુ થઈ જશે.

ઘણાં વરસ પહેલાં હું મારી દાદીને મળવા ગયો હતો. તે ખૂબ ઘરડી થઈ ગઈ હતી. તે મને કહે, 'વિન્યા, હમણાંનું કશું યાદ નથી રહેતું ઘીનું વાસણ લેવાને જાઉં છું પણ લીધા વગર જ પાછી આવું છું. 'પણ પચાસ વરસ પહેલાંની દાગીનાની એક વાત તે મને કહ્યા કરે. પાંચ મિનિટ પહેલાનું યાદ રહેતું નથી. પણ પચાસ વરસ પહેલાંનો જોરાવર સંસ્કાર છેવટ સુધી જાગતો સતેજ રહે છે. એનું કારણ શું? પેલી દાગીનાની વાત ત્યાર સુધીમાં તેણે હરેક જણને કરી હશે. તે વાતનો કાયમ ઉચ્ચાર ચાલુ રહ્યો હતો. તે વાત જીવનને ચોંટી ગઇ, જીવન સાથે એકરૂપ થઇ ગઇ. મેં મનમાં કહ્યું, ઈશ્વર કરે ને મરણ વખતે દાદીને દાગીના યાદ ન આવે એટલે થયું.

જે વાતનો અભ્યાસ રાત ને દિવસ ચાલુ રહેતો હોય તે ઠસી કેમ ન જાય? પેલી અજામિલની વાતો વાંચીને ભ્રમમાં ન પડશો. તે ઉપરથી પાપી દેખાતો હતો પણ તેના જીવનમાં અંદરથી પુણ્યનો પ્રવાહ વહેતો હતો. તે પુણ્ય છેવટની ક્ષણે જાગ્યું. હમેશ પાપ કરતાં રહેવા છતાં છેવટે રામનું નામ અચૂક મોઢે આવીને ઊભું રહેશે એવા ભ્રમમાં રહીશ મા. નાનપણથી જ આદું ખાઇને અભ્યાસ પાછળ લાગ. એકેએક સારા સંસ્કારની છાપ મન પર બરાબર ઊઠે એની કાળજી રાખ. આથી શું થવાનું છે, પેલાથી શું બગડી જવાનું છે એવું કહીશ નહિ. ચાર વાગ્યે

જ શા સારું ઊઠવું? સાત વાગ્યે ઊઠવાથી શું બગડી જવાનું હતું? એવું કહ્યે ચાલશે નહિ. મનને એમ ને એમ એકસરખી છૂટ આપ્યા કરીશ તો છેવટે છેતરાઈશ. પછી સારા સંસ્કારની છાપ બરાબર ઊઠશે નહીં. કણ કણ કરીને લક્ષ્મી મેળવવી પડે છે. ક્ષણ ક્ષણ ફોગટ ન બગાડતાં વિદ્યા મેળવવામાં વાપરવી પડે છે. હરેક ક્ષણે પડતો સંસ્કાર સારો જ હોય છે કે નહિ એનો વિચાર કરતો રહે. ભૂંડો બોલ ઉચ્ચારતાંની સાથે ખોટો સંસ્કાર પડ્યા વગર નહિ રહે. હરેક કૃતિની છીણી જીવનના પથ્થરને ઘાટ આપે છે. દિવસ સારો ગયો હોય તો પણ ખરાબ કલ્પનાઓ સ્વપ્નમાં આવીને ખડી થાય છે. પાછલા પાંચ દસ દિવસના વિચારો જ સ્વપ્નમાં દેખાય છે, એવું નથી. ઘણા ખરાબ સંસ્કાર બેસાવધાનપણામાં મન પર પડી ગયેલા હોય છે. કઈ ઘડીએ તે જાગી ઊઠે તે કહેવાય નહિ. એથી ઝીણી ઝીણી બાબતોમાં પણ સંભાળ રાખ. ડૂબનારાને તણખલાનો પણ આધાર થાય છે. સંસારમાં આપણે ડૂબીએ છીએ. જરા સારું બોલ્યો હોઈશ તો તેટલો જ આધાર થશે. સારું કરેલું કદી ફોગટ જવાનું નથી. તે તને તારશે. લેશમાત્ર પણ ખરાબ સંસ્કાર ન જોઈએ. હું આંખ પવિત્ર રાખીશ, કાન નિંદા સાંભળશે નહિ, સારું જ બોલીશ, એવી હમેશ મહેનત કરતા રહો. આવી સાવધાની રાખશો તો છેવટની ક્ષણે ધાર્યા દાવ પડશે અને આપણે જીવનના તેમ જ મરણના સ્વામી થઈશું.

***આંખ ખુલતાં જ વિદાય થાય તેનું નામ સ્વપ્ન અને આંખ મીંચાતા જ વિદાય થાય તેનું નામ જિંદગી.***



# સૌથી છેલ્લે

ભાણદેવ

તે એક મહાન તીર્થસ્થાન હતું. આ તીર્થસ્થાન એક વિશાળ અને પવિત્ર નદીને કિનારે વસેલું હતું. તીર્થસ્થાનમાં ભગવાનનું ભવ્ય અને વિશાળ મંદિર હતું. આ મંદિર જગવિખ્યાત હતું. આ જગપ્રસિદ્ધ મંદિર થકી જ તીર્થસ્થાનનો મહિમા હતો.

પ્રત્યેક વર્ષે એક વાર, એક પવિત્ર દિવસે આ તીર્થમાં આવવાનો, તે પવિત્ર નદીમાં સ્નાન કરવાનો અને તે જગપ્રસિદ્ધ મંદિરમાં ભગવાનના દર્શન કરવાનો વિશેષ મહિમા હતો. તે દિવસે દેશભરમાંથી અસંખ્ય માણસો તે તીર્થમાં એકઠાં થતાં. તે દિવસે જાણે તે તીર્થમાં માનવ મહેરામણ ઊભરાતો.

આજે તે પવિત્ર દિવસ છે.

આજે આ તીર્થસ્થાનમાં માનવ મહેરામણ જાણે હેલે ચડ્યો છે. લાખો ભક્તજનો અને હજારો સંતો, મહંતો તથા મહામંડલેશ્વરો આજે અહીં પધાર્યા છે.

આજનો કાર્યક્રમ આ પ્રમાણે છે. પ્રાતઃકાળે શુભ મુહૂર્તમાં સૌ પવિત્ર નદીમાં સ્નાન કરશે. સ્નાનવિધિ પરિપૂર્ણ થયા પછી સૌ સરઘસના આકારે નદીના ઘાટ પરથી મંદિર તરફ ચાલશે. મંદિરમાં ભગવાનના દર્શન કરશે. ભગવાનના દર્શન પછી વ્યાખ્યાન, સત્સંગ વગેરે થશે. બપોરે બધાને મિષ્ટાન્ન ભોજન આપવામાં આવશે.

આ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે પ્રાતઃકાળે નદીના વિશાળ ઘાટ પર સ્નાનવિધિ પરિપૂર્ણ થઈ. બધા સરઘસના આકારે મંદિર

તરફ ચાલ્યા.

સરઘસના પ્રારંભે અનેક કીર્તન મંડળીઓ હતી. તેમાં ભક્તો ગાયનવાદન સાથે નૃત્ય કરી રહ્યા હતા. કીર્તન મંડળીઓ પછી હાથીઓ પર બેસીને મહામંડલેશ્વરો ભગવાનના દર્શન માટે જઇ રહ્યા હતા. ત્યાર પછી સાધુ-સંતો અને મહંતો જુદા જુદા વાહનોમાં બેસીને મંદિરમાં ભગવાનના દર્શન માટે જઇ રહ્યા હતા. ત્યાર પછી યાત્રીઓનો એક વિશાળ સમુદાય પગપાળા ચાલીને મંદિરમાં ભગવાનના દર્શન માટે જઇ રહ્યો હતો.

આ સરઘસના સૌથી અંતિમ સ્થાને, સૌથી પાછળ એક અતિવૃદ્ધ પુરુષ ચાલી રહ્યા હતા. તેમનું શરીર સાવ કૃશ હતું. શરીર પર કરચલીઓ પડી ગઇ હતી અને તેઓ લાકડીને ટેકે માંડમાંડ ચાલી રહ્યા હતા. તેમનું શરીર કમરથી વળી ગયેલું હતું. આ વૃદ્ધ સાવ એકલા જ ચાલતા હતા. તેમની સાથે કે તેમની પાછળ કોઇ ન હતું. કોઇ યાત્રી તે વૃદ્ધ પુરુષ તરફ ધ્યાન પણ આપતા ન હતા.

આ સમગ્ર સરઘસ એક વિશાળ રાજમાર્ગ પરથી પસાર થઇ રહ્યું હતું. આ રાજમાર્ગના કિનારા પર એક ભક્ત ઊભા હતા. તેઓ સરઘસના આકારે મંદિર તરફ જઇ રહેલા સમગ્ર યાત્રીગણના દર્શન માટે રસ્તાની એક બાજુ ઊભા હતા. સમગ્ર સરઘસના તેમણે દર્શન કર્યા. છેલ્લે તેમની નજર સૌથી છેલ્લે ચાલી રહેલા તે વૃદ્ધ પુરુષ પર પડી. આ વૃદ્ધ પુરુષનું અપ્રતિમ સ્વરૂપ જોઇને તે ભક્ત પુરુષના હૃદયમાં તેમના પ્રત્યે ખૂબ આકર્ષણ અનુભવાયું. તેઓ ત્વરાથી ચાલીને તે વૃદ્ધ પુરુષ પાસે પહોંચ્યા.

ભક્તરાજે ખૂબ ભક્તિભાવથી તે વૃદ્ધ પુરુષને પ્રણામ કર્યા



અને પછી આદરપૂર્વક પૂછ્યું :

‘‘મહાશય! મારા મનમાં આપનો પરિચય પામવાની ઇચ્છા છે. આપને વાંધો ન હોય તો આપ કહેવાની કૃપા કરો કે આપ કોણ છો અને આપ એકલા જ સરઘસના અંતમાં કેમ ચાલો છો? આપ અહીંથી ક્યાં જવા ઇચ્છો છો?’’

ભક્તરાજના આ સર્વ પ્રશ્નો સાંભળીને વૃદ્ધ પુરુષ ઊભા રહ્યા. તેમણે તે ભક્તરાજને કહ્યું :

‘‘આપ આ પ્રશ્ન શા માટે પૂછો છો? આપ મારો પરિચય પામીને શું કરશો?’’

ભક્તરાજે કહ્યું :

‘‘મહારાજ! મારા મનમાં સહજ રીતે જ આપના પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન થયું છે. તેથી સહજ રીતે જ મને આપનો પરિચય પામવાની ઇચ્છા થઇ છે.’’

તે વૃદ્ધ પુરુષે કહ્યું :

‘‘આ સૌ લોકો ક્યાં જઇ રહ્યાં છે?’’

‘‘મહારાજ! આ સૌ લોકો મંદિરમાં ભગવાનના દર્શન માટે જઇ રહ્યા છે.’’

‘‘ભક્તરાજ! સાંભળો! મંદિરમાં તમે સૌ જેમના દર્શન માટે જઇ રહ્યા છો, તે જ હું છું.’’

આટલું કહીને તે વૃદ્ધ પુરુષના સ્વરૂપમાં આવેલા ભગવાન ત્યાંથી અંતર્ધાન થઇ ગયા.

ભક્તરાજ તો આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયા. ભગવાન રસ્તા પર જે સ્થાને ઊભા હતા, તે સ્થાનની ધૂળ લઇને ભક્તરાજે

પોતાના મસ્તકે લગાડી.

માનવી ભગવાનને શોધે છે, પરંતુ તેની શોધની પદ્ધતિ એવી છે કે ભગવાન બાજુમાં રહી જાય છે. ભગવાનના દર્શન માટે જતું સરઘસ એવું બની જાય છે કે ભગવાન તે સરઘસના અંતમાં પગપાળા લાકડીને ટેકે ટેકે ચાલે છે.

વિશુદ્ધ અધ્યાત્મ સાધન એક વિરલ ઘટના છે. સામાન્ય રીતે તો એવું જોવા મળે છે કે અધ્યાત્મને નામે કાંઇક એવું જ બને છે કે જેમાં અધ્યાત્મ છેવાડે રહી જાય છે.

ભગવાનના દર્શન માટે ચાલતા સરઘસમાં સૌ એમ માને છે કે ભગવાન તો મંદિરમાં બેઠો છે, પરંતુ તે વખતે ખરી હકીકત એવી પણ હોઇ શકે કે ભગવાન લાકડીને ટેકે ટેકે સૌથી છેલ્લે ચાલતો હોય.

આપણે જેની શોધમાં નીકળીએ છીએ તે બાજુમાં રહી જાય અને કોઇક બીજું જ કેન્દ્રમાં આવી જાય તો આપણી દર્શનયાત્રા કોઇક એવી જગ્યાએ પહોંચી જાય તેવો સંભવ છે કે જ્યાં તે ન હોય.

સાવધાન! આપણે આપણી દર્શનયાત્રા દરમિયાન પાછળ પણ નજર રાખતાં રહીએ અને જોઇએ કે ભગવાન લાકડીને ટેકે ટેકે પાછળ તો નથી ચાલી રહ્યા ને!

***સુખી થવું હોય તો વ્યસન, વાસના અને વહેમથી દૂર રહેજો.***

***પૈસાની કિંમત જાણવી હોય તો કોઇક પાસે માગી જુઓ.***



# સાચા સંતોને ઓળખતાં શીખો

**યોગેશ્વરજી**

સાધુ, સંન્યાસી, ઉપદેશક કે ત્યાગી કાંઇ એક જાતના હોય છે? એ અનેક જાતના અથવા તો બહુરૂપી હોય છે. પેલા ભક્ત કવિએ પોતાની સાદી સીધી ભાષામાં કહ્યું છે તેમ

**કોઇ નાઠા રાંડોને રોષે, કોઇને ના મળી નારી,**
**કોઇ કરજે, કોઇ ઝગડે નાઠા, કેમ રીઝે ગિરિધારી?**

એ પ્રમાણે ત્યાગ કરવાના કારણો ભિન્ન ભિન્ન હોય છે. મોટા ભાગના ત્યાગ તો મનની નબળાઈને લીધે તથા દુન્યવી કારણોને લીધે જ થતા હોય છે. વિવેક અને વૈરાગ્યના પીઠબળવાળા ત્યાગ કે સંન્યાસ તો કોઇક જ હોય છે અને એ જ હકીકત ત્યાગના આશયને પણ લાગુ પડે છે. એકાંતવાસ કરીને સાધના કે તપસ્યાનો આશ્રય લેવા, જ્ઞાનોપાર્જન કરવા, બંધનોમાંથી મુક્તિ મેળવવા, ઈશ્વર દર્શન કરવા અથવા તો પોતાનું ને બીજાનું શ્રેય સાધવા માટે ત્યાગ કરનાર પણ કોઇક વિરલ જ હોય છે. વધારે ભાગના ત્યાગ તો લૌકિક લાલસાઓને નજર સામે રાખીને થતા હોય છે. એવા અધકચરા ત્યાગનો આધાર લેનારા પાસેથી ગિરિધારીને રીઝવવાની આશા રાખી જ કેવી રીતે શકાય? એમને ગિરિધારી કે પરમાત્માની પડી છે જ ક્યાં? પરમાત્માની સાથે એમને કોઇ જાતનો સંબંધ જ ક્યાં છે? એમના અંતરમાં લૌકિક ઈચ્છાઓ, લાલસાઓ કે વાસનાઓ તેમજ વિષયની રસવૃત્તિઓનું તાંડવનૃત્ય થતું હોય છે. એટલે

ત્યાગનો અંચળો ઓઢ્યા પછી પણ એની પૂર્તિ માટે જ એ પુરુષાર્થ કરે છે.

## પ્રયોગ

એવા સાધુસંન્યાસી કે ત્યાગી દેશમાં ઓછા જોવા નથી મળતા. અનેક પ્રકારની યુક્તિપ્રયુક્તિ કરીને, પ્રલોભનો આપીને, બીક બતાવીને કે દાવપેચ અજમાવીને ભોળા અથવા તો બીન અનુભવી લોકોને તે પોતાના પ્રભાવમાં લે છે અથવા તો છેતરે છે, ને કેટલીક વાર તો પોતાની જાતને પ્રગતિવાદી, સંસ્કારી કે સુશિક્ષિત માનનારા લોકો પણ તેમની જાળમાં ફસાઈ જાય છે. લોકોને બહારના વેશ, વૈખરી વાણી કે બીજી વિદ્યાના હેરત પમાડે તેવા પ્રયોગોથી આંજી નાખવાની કળામાં તે કુશળ હોય છે. જો જરાક પણ ગાફેલ રહેવામાં આવે તો તેમનો સંગ મુસીબત પેદા કર્યા વિના નથી રહી શકતો.

## ચમત્કાર

આ સંબંધમાં તાજેતરમાં જ બનેલી ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના નથી રહી શકતો. અમદાવાદની બાજુના એક ગામમાં એક શ્રીમંતને ઘેર એક સાધુ આવ્યા. ભગવાં વસ્ત્રધારી સાધુને જોઈને સૌએ પ્રણામ કર્યા. એમનો યોગ્ય સત્કાર કર્યો.

સાધુને પૂછ્યું : બાપજી, ક્યાંથી આવો છો?

બાપજીએ કહ્યું : 'ગિરનારના જંગલમાંથી. ગિરનારના જંગલમાં એક ગુફા છે તેમાં બાર વરસ તપ કરીને મેં સિદ્ધિ મેળવી. પછી થયું કે લોકકલ્યાણ કરું તો સારું. એટલે કેટલાય સ્થળોમાં ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો છું. જુઓ મારો



ચમત્કાર.'

સાધુએ પોતાનો હાથ લાંબો કર્યો તો બધાના આશ્ચર્ય વચ્ચે એમની હથેળીમાં સાકર આવી ગઈ. એ સાકરનો પ્રસાદ સૌને વહેંચવામાં આવ્યો.

સાધુએ કહ્યું : આ પ્રસાદીથી તમારું દુઃખદર્દ દૂર થશે.

ગામના સૌથી મોટા વેપારીનું આ ઘર હતું. એ તો આ જોઈને સ્તબ્ધ જ થઈ ગયા ને કહેવા માંડ્યા : મારાં પૂર્વનાં પુણ્યો ફળ્યાં ત્યારે જ તમારો મેળાપ થયો. તમારા રહેવાથી મારું ઘર પાવન થશે. તમે મારા ઘરમાં જ વાસ કરો.

## બધું બમણું કરો

સાધુને તો જોઈતું'તું તે મળી ગયું. બે–ત્રણ દિવસમાં તો એમના કહેવાથી વેપારીને ખબર પડી કે એમની પાસે કોઈક પ્રયોગ છે જેની મદદથી એ ઘરેણાં તથા રૂપીયાને બમણા કરી શકે છે. વેપારીની વૃત્તિ હાલી ઊઠી. એ લોભી હતો એટલે સાધુની સાથે સંતલસ કરીને એણે સાત દિવસનો પ્રયોગ કરવાની ગોઠવણ કરી અને એ પ્રયોગ માટે ચાલીસ તોલા સોનાનાં ઘરેણાં તથા ચાલીસ હજાર રૂપીયા રોકડા આપ્યા. સાધુએ કહ્યું કે સાત દિવસમાં બધું બમણું થતાં લીલાલહેર થઈ જશે. વેપારી આનંદ પામ્યો ને બોલ્યો : આ બધું બમણું થાય એ પછી ફરી પ્રયોગમાં બેસજો ને તેને પણ બમણું કરી આપજો. સાધુએ સંમતિ આપી.

## ગુમ!

એકાંત અને શાંત સ્થાનમાં પ્રયોગ શરૂ થયો. સાધુમહારાજ આખો દિવસ ઓરડામાં જ રહેતા. કેવળ શૌચાદિ ક્રિયા માટે

બહાર નીકળતા. પરંતુ છટ્ઠે દિવસે સવારે બહાર જ ના નીકળ્યા. વેપારીએ તપાસ કરી તો એ દેખાયા જ નહિ. ઓરડો ખાલી હતો અને પ્રયોગ માટે રાખેલી સામગ્રી પણ ગુમ થયેલી. પાંચમે દિવસે રાતે જ લાગ જોઇને સાધુમહારાજ નાસી ગયેલા. વેપારીએ બધે તપાસ કરી. ઠેઠ અમદાવાદ સુધી જઇ આવ્યા. પરંતુ કશું ના વળ્યું. સાધુનો પત્તો ના લાગ્યો.

## લોભવૃત્તિ

આવા અને આને મળતા બીજા પ્રસંગો સમાજમાં નથી બનતા એમ નહિ. એ બધા પ્રસંગોના મૂળમાં ડોકિયું કરીને જોશો તો માણસની લોભવૃત્તિ કામ કરતી દેખાશે. એને લોભવૃત્તિ કહો કે લાલસા ને કામનાનું નામ આપો, બધું એક જ છે. એ વૃત્તિથી પ્રેરાઈને કોઇ પણ પ્રકારના પરિશ્રમ વિના, ઓછામાં ઓછા વખતમાં વધારેમાં વધારે લાભ થતો હોય તે તેને મેળવવાની માણસ ઈચ્છા રાખે છે. એક બીજું મનોવૈજ્ઞાનિક કારણ પણ આવા પ્રસંગો પાછળ કામ કરી રહ્યું છે. દુનિયામાં દુઃખ વધ્યાં છે, રોગ વધ્યા છે, અછત, આફત કે ચિંતા તેથી તૃષ્ણા પણ વધી છે. એને લીધે માણસોનો એક નોંધપાત્ર વર્ગ એવા સાધુસંતો તથા કરામત કરનારાઓની શોધમાં રહે છે જે ફક્ત આશીર્વાદ આપીને "જા બેટા, ઐસા હોગા" જેવાં પ્રતીતિજનક વચન કહીને ભસ્મ કે પ્રસાદ આપીને, દોરાધાગા કરીને, કે પુરશ્ચરણ અથવા અનુષ્ઠાનનો આશ્રય લઇને એમનાં દુઃખદર્દ ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર કરી દે અને એમને સર્વ પ્રકારે સફળ મનોરથ કરી દે. જો માણસ પ્રાપ્ત પરિસ્થિતિમાં સંતોષી રહેતાં અને મિથ્યા



વહેમોને તિલાંજલિ આપીને પોતાની રીતે આગળ વધવાનો પ્રયત્ન કરતાં શીખે તો એવી વ્યક્તિઓનો શિકાર થઈને બરબાદ ના બને. જે લોકો સાધુનો સ્વાંગ ધરીને અથવા સંસારી સ્વાંગમાં રહીને પોતાના પાર્થિવ હેતુઓની સિદ્ધિ માટે પૂજાની સાથે એવા અધમ ખેલો ખેલી રહે છે તેમણે સમજવું જોઈએ કે તે સાચા ધર્મને અને ધાર્મિક વિશ્વાસને ભારે નુકસાન કરી રહ્યા છે. પ્રજાની ઉપર એમની અસર ઘણી જ ખરાબ પડે છે ને સારા સાધુઓ તથા સારી વ્યક્તિઓ તરફ પણ એમને લીધે જ શંકાથી જોવાય છે. પોતાના જીવન દ્વારા એ સમાજની ભારે કુસેવા કરી રહ્યા છે.

## સાચા સાધુસંતો

પ્રજાએ પણ ધર્મની સાચી દૃષ્ટિ કેળવવાની જરૂર છે. સત્ય અને અસત્ય તથા શુભ અને અશુભને સમજવાની શક્તિ ખીલવવાની છે જેથી અસત્ય અને અશુભના શિકાર ના થવાય અને સત્ય તથા શુભથી વંચિત ના રહેવાય. જે સાચું છે તેની આપણે હાથે અવગણના ના થાય ને જે ખોટું છે તેને ઉત્તેજન ના અપાય તેનું ધ્યાન રાખવાનું છે. એને માટે આદર્શ કે સાચા સાધુસંત કે પુરુષોને ઓળખતાં શીખવાનું છે. બધાં જ ધર્મશાસ્ત્રો એ બાબતમાં સહમત છે કે સાચા સાધુસંતો દૈવી સંપત્તિની મૂર્તિ જેવા અથવા તો સદ્ગુણ, સદ્વિચાર ને સત્કર્મની સૌરભથી ભરેલા હોય છે. અંદરની ને બહારની નિર્મળતા તેમનું મુખ્ય લક્ષણ હોય છે. વળી તે પોતાના મન અને પોતાની ઈન્દ્રિયોના સ્વામી હોય છે કે પછી સ્વામી થવાની પ્રામાણિક કોશિશ કરે

છે. તે ઉપરાંત એમનામાં સંસારના વિષયોની રસવૃત્તિ, અહંતા, મમતા તથા આસક્તિનો અભાવ હોય છે. પરમાત્મા જ એમના જીવનના એકમાત્ર આરાધ્ય કે આદર્શ હોય છે. એમના પવિત્ર પ્રેમથી પોતાના પ્રાણને પરિપ્લાવિત કરીને પોતાના તથા બીજાના હિત માટે એ જીવતા હોય છે. એને પરિણામે એ શાંતિ, પ્રસન્નતા, નિર્ભયતા ને જ્ઞાનની મૂર્તિ બની જાય છે. સર્વ પ્રકારના છળકપટ અને અનર્થથી મુક્તિ મેળવી ચૂકેલા એ સંતો પોતાનાં વચન ને વર્તન દ્વારા બીજાને પણ તેવા થવાની પ્રેરણા પૂરી પાડે છે. સાચા સંતપુરુષોની એ આદર્શ કલ્પનાછબીને નજર સામે તાજી રાખવાથી ભળતા નામધારી લેભાગુ વ્યક્તિઓમાં નહિ ફસાવાય. અને સાચા સાધુસંતોને ઓળખી એમનો સમાગમ કરીને ધન્ય થવાશે.

***"સંતોષ" એ જ સુખનું સાચું સરનામુ છે.***

***ધનને આપણે સાચવવું પડે છે જ્યારે ધર્મ આપણને સાચવે છે.***

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



**'કૃપા'ના અર્થને ઉપરછલ્લો ન સમજો, ઊંડાણથી સમજો. 'કરો ને પામો.' જેમ કોઇ ગરીબને લક્ષ્મી મળે તો તરત જ તેના ઘરે ટી.વી. રેડિયો, ઘંટી, વોશિંગ મશીન, ફોન વગેરે આવી જાય તે રીતે જેના જીવનમાં સંતકૃપા ઊતરી કે પ્રભુકૃપા ઊતરી તો તેનું પરિણામ ખુલ્લી આંખે દેખાવું જોઇએ. જેમ કે સંત મળ્યા તો પોતે જૂઠું ન બોલે, વિષયસુખ ન માગે, સાધના પરાયણ જીવન જ જીવે, પવિત્ર જીવન જ જીવે. તેનું આખું વ્યક્તિત્વ પલટાઇ જાય. એ જે હતો અને છે એ બે વચ્ચે મોટી ખાઇ ખોદાઇ જાય! તેનું રોમેરોમ રંગાઇ જાય. અરે! તેને સાત્ત્વિક સંપત્તિરૂપે પ્રભુના પાર્ષદ મળે તો તેનું દર્પણ બની જાય. બાકી નાની નાની વાતોમાં કૃપા થઇ એ માન્યતા સારી છે પણ પૂરી નથી.**

**વર્તમાનને જ માણો. આજે ઊઠ્યા તો જાગતા રહીને જ જીવો. આજનો વર્તમાન સાચવી લો. કોઇ અપરાધ ન થાય તેનું ધ્યાન રાખો. રોજ ફક્ત એક જ દિવસ સાચવવો. 'હે પ્રભુ! આજનો દિવસ મને તું તારા સ્મરણે જાગતો રાખજે.' આ જ પ્રાર્થના આજે–કાલે–રોજ કરવી. એક જ દિવસનું રોજે રોજ માગો. જેથી પ્રભુ ભૂલી ન જાય!**

**(પ. પૂ. માના 'શબ્દસંનિધિ' પુસ્તકમાંથી)**

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩
**હાશ®**
મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી
**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**
ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ–૩૬૦૦૦૨**

# જીવતરની જીજીવિષા

—અરવિંદકુમાર પી. રાણા

આજના માનવીની સરેરાશ આયુ મર્યાદા કેટલી? ભલે સરકારી ચોપડાઓ ને આંકડાઓ સીતેર—એંશી કે નેવું વર્ષ બતાવે, બાકી સાંઈઠ વર્ષની આસપાસ પહોંચેલો માનવી યમદેવની રાહ જ જોતો હોય એવું નથી લાગતું? ભલે કદાચ સરેરાશ આયુમર્યાદા એંશી નેવું કે એથી પણ વધુ હોય તો પણ આટલા વર્ષનું મૂલ્ય શું? આવડી મોટી દુનિયા! વિશાળ ધરતી! સુખ વૈભવની છોળો! મોજમજા ભરી જીંદગી! એમાં સાઠ સીતેર કે એંશી વર્ષ કઈ વિસાતમાં? માનવી બીચારો સમજતા શીખે, રળી કમાઈને કાંઈ પ્રાપ્ત કરે, સુખ ભોગનો સમય આવે ન આવે ત્યાંતો વિદાયની ઘડીઓ આવીને ઉભી રહે. અને આટલી અમસ્તી જીંદગી પણ કેટલી ચિંતાઓ, મુશ્કેલીઓ, દોડાદોડી, બીમારી, સુખદુઃખના પ્રસંગોથી ભરેલી કે જેમાં કેવળ નર્યા સુખ ને શાંતિ ભર્યો સમય તો ખૂબ જ ઓછો. એવા પણ લાખો કરોડો હતભાગી લોકો હશે કે જેમણે જન્મથી મૃત્યુ વચ્ચેનાં આખા સમય દરમ્યાન સુખની લકીરે નહીં માણી હોય, એવા પણ લાખો લોકો હશે જેમણે પોતાની સમસ્ત જીંદગી દરમ્યાન ક્યારેય પેટ ભરીને ખાધું નહીં હોય કે આખું અંગ ઢંકાઈ રહે એટલા વસ્ત્રો પણ નહીં પહેર્યા હોય. મોટા શહેરોની ફુટપાથ ઉપર જન્મીને ફુટપાથ ઉપર જ મારનારા લોકોની સંખ્યા પણ નાની સુની નહીં જ હોય. આખી જીંદગી



મુઠ્ઠી જેવડા પેટનો ખાડો પુરવા ભીખ માગી માગી આયખું પુરું કરનાર પણ ઓછા છે? અરે સવારે ઉઠતાની સાથે પોતાનું અને પોતાના કુટુંબીઓનું ભરણપોષણ કરવા દોડધામ, મજુરી, ધંધા, વ્યવસાય, સાચી ખોટી તરકીબો રચનાર મધ્યમ વર્ગનો કે નીચલા વર્ગનો માનવી પણ જ્યાં ત્યાંથી પૈસા મેળવી પોતાનું ગાડું ચલાવવાની હાયવોય સિવાય આ જીવનમાં શું કરતો જણાય છે?

શું આ અમૂલ્ય જીંદગીનો અર્થ ફક્ત એટલો જ છે? અનેક અવતારો પછી, અનેક યોનિઓમાં અટવાયા પછી કુદરતની અપાર કૃપા વરસે છે ત્યારે જીવ મનુષ્ય આત્મા પ્રાપ્ત કરે છે. પશુ, પંખી, કીટક, જળચર, થળચર, ભૂચર જેવી અનેક યોનિઓમાં સબડી સબડી અનેક યાતનાઓ ને અસહ્ય પીડાઓ વેઠ્યા બાદ પરમકૃપાળુ પિતા મનુષ્ય અવતાર આપે છે, એ અવતાર ધારણ કરી મનુષ્ય શું મેળવે છે? પોતાની સાઠ સિત્તેર કે એંશી વર્ષની જીંદગી દરમ્યાન મનુષ્ય ક્યા ક્યા સુખ ભોગવે છે? ક્યો વૈભવ પ્રાપ્ત કરે છે? આ ધરતી ઉપર ત્રણ અબજથી પણ વધુ વસ્તી છે, તેમાં કેટલા માનવો સંપૂર્ણ સુખી હશે? કેટલા માનવોનું જીવન આધી—વ્યાધી ને ઉપાધી કે દુઃખ ને મુશ્કેલી રહીત હશે? કેટલા માણસોને ખાવા પીવાની, પહેરવા ઓઢવાની કે રહેવાના મકાનની સુખ સાયબી પ્રાપ્ત થઈ હશે? આ જગતમાં લક્ષ્મીનંદનો કેટલા? પૈસા માટે દોડધામ કરનારા કેટલા? ભૂખ અને ભીખ વચ્ચે અટવાઈ જીંદગી પૂરી કરનારા કેટલા? શાંત ચિત્તે વિચાર કરતા જણાશે કે આ ધરતી ઉપર

જન્મ લીધા પછી તમામ પ્રકારની સુખ સાહ્યબી ને સગવડતાઓ પ્રાપ્ત કરનારની સંખ્યા એક બે ટકા માંડ હશે.

તો આ અમૂલ્ય જીંદગીનો ઉપયોગ શું ? જે જીવન દરમ્યાન ફક્ત ખાવા પીવા, પહેરવા, ઓઢવા ને પૈસા પ્રાપ્ત કરવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ જ ન હોય તો એવા જીવનનો અર્થ શો ? ને કદાચ અથાગ પરિશ્રમ કરીને આ બધું પ્રાપ્ત કર્યું તો પણ એનો ઉપયોગ કેટલો સમય કરવાનો ? ફક્ત મૃત્યુ સુધી જ ને ? ને જે સુખ ફક્ત જીવીએ ત્યાં સુધી જ રહેતું હોય તો એવા સુખની પ્રાપ્તિ માટે આટલી હાયવોય શા માટે ? પૈસા મેળવવા માટે કેટલા ઉધામા કરવા પડે છે? કેટલા છળકપટ, દાવ પેચ, સારા—નરસા માર્ગો અખત્યાર કરવા પડે છે? ને આખરે મૃત્યુ પછી એમાંનો એક પૈસો પણ પોતાના ઉપયોગનો નથી રહેતો. કેટલો પરિશ્રમ કરીને કે કેટલો ભોગ આપીને ઘર, મકાન કે બંગલો બને છે ? મૃત્યુ પછી એ મકાનનો પોતાને શો ઉપયોગ છે ? સમગ્ર જીવન દરમ્યાન મથી મથીને મેળવેલી કંઇ ચીજ મૃત્યુ પછી પણ ઉપયોગમાં આવે છે ? કોઈ ચીજ નહીં. અરે પાળીપોષીને સુદૃઢ બનાવેલો સુંદર મજાનો દેહ ? જે શરીરનાં જતન કરવામાં કોઈ મણા રાખી ન હોય, જે ચહેરાને સુંદર દેખાડવા આકાશપાતાળ એક કર્યાં હોય, શરીરને મજબૂત ને નીરોગી બનાવવા લાખ ઉપાયો અજમાવ્યા હોય, બળવાન બનવા જાતભાતના ઔષધો ને ખોરાકો હોજરીમાં પધરાવ્યા હોય એ શરીરનું ભાવી શું ? મૃત્યુ પછી એનો નાશ કરી નખાય. શું એ શરીરનું એટલું જ મૂલ્ય ? જે શરીરના જતન માટે આખી



જીંદગી વેડફી એ શરીરનાં એવા હાલ ? અરીસા સામે બેસી પોતાના રૂપનું, પોતાના સૌંદર્યનું, પોતાના દેહ સૌષ્ઠવનું ગૌરવ લેતો માનવી સ્મશાને કે કબ્રસ્તાને શબનાં અંતિમ સંસ્કાર જોઈ શું વિચારે છે ? રંગબેરંગી કપડાઓ વચ્ચે વિંટળાયેલો, કિંમતી આભૂષણોથી સજ્જ, જાતભાતનાં શણગારોથી શણગારાયેલ સુંદર, નમણો, બળવાન, માનવદેહ મૃત્યુ પછી નગ્નાવસ્થામાં મોટો મોટા તોતીંગ લાકડાઓ વચ્ચે ભડભડ બળી રહ્યો દેખાય છે ત્યારે આ જીવતરનું મૂલ્ય સમજાય છે.

સાઠ—સિત્તેર કે એંશી વર્ષના માનવ જીવનમાં કેટલી જીજીવિષાઓ છે ? માનવી માત્ર સમજે છે કે આ બધું થોડા સમય માટે જ છે, મૃત્યુ પછી કાંઈ નથી, છતાં એ કેટલી દોડધામ કરી મૂકે છે ? કેટલાં ધમપછાડા કરે છે ? કેટલા છળકપટ દાવ પેચ ખેલી નાંખે છે ? ને છતાં એનો અંજામ ? શૂન્ય. મૃત્યુ પછી તો અગોચર એકાંતમાં અટવાઈ જવાનું. જ્યાં કોઈ સ્નેહી નહીં, જ્યાં કોઈ સગો સંબંધી મિત્ર કે શત્રુ નહીં. જ્યાં સુખ ને વૈભવ, દુઃખ ને મુશ્કેલીઓમાં કરેલા કર્મનાં ફળ સ્વરૂપ આગળની ગતિને ફક્ત ઈશ્વરનું શરણ.

કર્મફળના સિદ્ધાંત ઉપર રચાયેલા આ જગતમાં કર્મફળથી કોઇ જ બાકાત નથી. ખુદ ઈશ્વર પણ નહીં. એને પણ મર્યાદા છે, અને મર્યાદાઓનું ઉલ્લંઘન ખુદ ઈશ્વરે પણ ક્યારેય કર્યું નથી કે કોઈને કરવા દીધું નથી. અને છતાં માનવ ? એ બીચારો સુખમાં ઈશ્વરને યાદ કરતો નથી. જાણે કે સુખમાં ઈશ્વરને વિસરી જવાની અને દુઃખમાં સર્વ દોષ એના ઉપર ઢોળવાની

એક ફેશન થઈ પડી છે. સુખ–દુઃખ પોતાના જ કર્મફળનો પરિપાક છે એ માનવા કે સ્વીકારવા જાણે કોઈ તૈયાર જ નથી.

માનવ જીવન દોહ્યલું છે, એ પ્રાપ્ત કરવું પણ મુશ્કેલ છે અને પ્રાપ્ત કર્યા પછી એને સારી રીતે પૂરું કરવું તો અતિમુશ્કેલ છે. અનેક સમસ્યાઓ, મુશ્કેલીઓ દુઃખોમાંથી પણ તટસ્થ ને નિરપેક્ષ ભાવે પસાર થવું કે અનેક સુખ સાહ્યબી ને ભોગવિલાસ વચ્ચેથી નિસ્પૃહી ને નિઃસ્વાર્થ પણે પસાર થવું દોહ્યલું છે. એવી વ્યક્તિ વિરલ જ હોય છે. જીવનને જીજીવિષાઓથી દૂર રાખવાનાં પ્રયત્નો પણ માનવીને અકિંચન ને સહૃદયી બનાવી આ મિથ્યા જગતની અનેક જંજાળોથી મુક્ત માનવી બનવા પ્રેરણા આપશે એ હકીકત છે. મનુષ્યજીવનને સાર્થક ને ઉપયોગી બનાવવા ફક્ત સુખ ને ઉપભોગ જ અગત્યના નથી, એનાથી પર રહી ને જીવનનો અર્થ સાર્થક કરે છે. જે મહાશક્તિએ મનુષ્ય અવતાર બક્ષ્યો છે એ મહાશક્તિ કાંતો અવતારમાંથી જ મુક્તિ આપે ને આપે તો કલ્યાણમયી ને પુણ્યાત્મા ભર્યો અવતાર આપે એવી પ્રેરણાદાયી, શ્રદ્ધાભરી શાંત જિંદગી સૌ જીવે એવી પરમ પિતાને પ્રાર્થના.

***માનવી પાસે જે આંસુ છે તે દુર્લભ છે. આંસુના ત્રણ પ્રકાર છે. એક વેદનાનાં આંસુ, બે વિરહનાં આંસુ, ત્રણ વંદનાના આંસુ. જ્યારે કોઈ પાપ કર્યા પછી આંસુ આવે તો તે વેદનાના આંસુ હોય છે. આપણા કોઈ પ્રિયજનને ગુમાવ્યા બાદ જે આંસુ આવે તે વિરહનાં આંસુ અને ભગવાનને ભજતાં ભજતાં જે આંસુ નીકળે તે વંદનાનાં આંસુ છે.***

**–મુનિ તરૂણસાગરજી**



# ધનના લોભમાં નિંદા

**–શ્રી રામસુખદાસજી**

અંતરની જે ભાવના હોય છે, તેનું ઘણું ભારે માહાત્મ્ય હોય છે. એક માણસ બહારની ક્રિયા કરે છે, શરીરથી સેવા કરે છે. એના કરતાં પણ અંતરનો ભાવ છે, તેનો મહિમા ઘણો છે. ઘણા દુઃખની વાત છે કે માણસોએ પોતાના અંતરમાં ધનને ઘણું જ મહત્ત્વ આપી રાખ્યું છે. ખરેખર એ એટલું મહત્ત્વ આપવા લાયક વસ્તુ નથી. એના કરતાં શરીર ઘણું મહત્ત્વનું છે. આ શરીરથી પરિશ્રમ કરીને જે સેવા કરી શકાય છે, તે પૈસાથી નથી કરી શકાતી. પૈસા વાપરવાનું એ માહાત્મ્ય નથી. પરંતુ આજે પૈસાનો લોભ ઘણો છે. શરીરથી પરિશ્રમ કરી લઈશું, ભૂખ્યા રહી જઈશું, ક્યાંક જવાનું હોય તો પગપાળા ચાલ્યા જઈશું, પણ પૈસા ખરચીશું નહીં ! પૈસાની કિંમત ઘણી વધારી દીધી ! પૈસાને શરીરથી પણ વધારે મહત્ત્વ આપી દીધું ! શરીરથી પરિશ્રમ કરીને પૈસા કમાઈ શકાય છે, પણ પૈસાથી શરીર નથી લાવી શકાતું. લાખ, દસ લાખ, પચાસ લાખ રૂપિયા આપી દેવામાં આવે, તોપણ તેના બદલામાં મનુષ્યશરીર મળી શકતું નથી. મૃત્યુ વેળા અબજો–ખર્વો રૂપિયા પણ આપી દેવામાં આવે તોપણ મૃત્યુથી બચી શકાતું નથી. દુનિયાભરનું તમામ ધન આપી દેવામાં આવે, તોપણ એક ઘડીભર જીવવાનું મળી શકતું નથી– એવો કીમતી માનવ શરીરનો સમય છે ! એ સમય એમ જ બરબાદ કરી દઈએ છીએ–આના જેવું કોઈ નુકશાન નથી. બીડી–સિગારેટ પીવામાં, ખેલ તમાશા જોવામાં, પત્તાં–સોકઠાબાજી રમવામાં, વાતચીત કરવામાં, ગપ્પાં લગાવવામાં, બીજાઓની ચર્ચા કરવામાં, નિંદા–સ્તુતિ કરવામાં, ઊંઘ વધારે

લેવામાં સમય વાપરી દઈએ છીએ, એ ઘણું ભારે નુકશાન કરીએ છીએ. એ કોઈ મામૂલી નુકશાન નથી. દસ–વીસ હજાર રૂપિયા ખર્ચી દેવામાં આવે તો એમાં કોઈ નુકશાન નથી. એને છોડીને જ મરવાનું છે. લાખો–કરોડો થઈ જાય તોપણ છોડીને મરવું પડશે. કોઈને કાંઈ આપી દીધું, ક્યાંક સારા કામમાં વાપરી દીધું. તો શું મોટી વાત થઈ ? એ તો છુટવાવાળી વસ્તુ જ છે.

કોઈની પાસે ઘણું ધન છે તો એ કોઈ વિશેષ પ્રભુકૃપાની વાત નથી. આ ધન વગેરે વસ્તુઓ તો પાપીઓને પણ મળી જાય છે–**'સુત દારા અરુ લક્ષ્મી પાપી કે ભી હોય।'** એમના મળવામાં કોઈ વિલક્ષણ વાત નથી. એક રાજા હતો. તે રાજાની સાધુવેશમાં ઘણી નિષ્ઠા હતી. એ નિષ્ઠા કોઈ કોઈમાં જ હોય છે. તે રાજા સાધુ–સંતોને જોઈને ઘણો રાજી થતો. સાધુ–વેશમાં કોઈ આવી જાય, ગમે તેવો પણ આવી જાય, તેનો ઘણો આદર કરતો, ઘણી સેવા કરતો. ક્યાંક સાંભળી લેતો કે અમુક બાજુથી સંત આવી રહ્યા છે તો પગપાળા જતો અને તેમને લઈ આવતો, મહેલોમાં રાખતો અને ખૂબ સેવા કરતો. સાધુ જે માગે, તે જ આપી દેતો. એની એવી પ્રખ્યાતિ થઈ ગઈ. બાજુના દેશમાં એક બીજો રાજા હતો, તેણે આ વાત સાંભળી રાખી હતી. તેના મનમાં એવો વિચાર આવ્યો કે આ રાજા ઘણો મૂર્ખ છે. એને સાધુ બનીને કોઈ પણ ઠગી લે. તેણે એક બહુરૂપીને બોલાવીને કહ્યું કે તું પેલા રાજાને ત્યાં સાધુ બની જા. તે તારી સાથે જે જે વર્તાવ કરે, તે આવીને મને કહેવું. બહુરૂપી પણ ઘણો ચતુર હતો. તે સાધુ બનીને ત્યાં ગયો. ત્યાંના રાજાઓ જ્યારે સાંભળ્યું કે અમુક રસ્તે એક સાધુ આવી રહ્યો છે, તો તે તેની સામે ગયો અને તેને ઘણા માન–પાનથી પોતાના મહેલમાં લઈ આવ્યો, પોતાના હાથે તેની ખૂબ સેવા કરી.



એક દિવસ રાજાએ પેલા સાધુને કહ્યું કે 'મહારાજ, કાંઈક સંભળાવો !' સાધુએ કહ્યું કે 'રાજન ! તમે તો ઘણા ભાગ્યશાળી છો કે તમને આટલું મોટું રાજ્ય મળ્યું છે, ધન મળ્યું છે. તમારી પાસે આટલું લશ્કર છે. તમારી સ્ત્રી, પુત્ર નોકર વગેરે બધાય તમને અનુકૂળ છે. એટલા માટે ભગવાનની તમારા પર ઘણી કૃપા છે !' આ રીતે પેલા સાધુએ કેટલીય વાતો કહી. રાજાએ ચુપ રહીને સાંભળી લીધી. બે–ત્રણ દિવસ પછી તે સાધુ (બહુરૂપી) બોલ્યો કે 'રાજન્ ! હવે તો અમે જઈશું.' રાજા બોલ્યો–'ભલે મહારાજ ! જેવી તમારી મરજી.' રાજાએ તેની આગળ ખજાનો ખોલી દીધો અને કહ્યું કે આમાંથી તમારે જે સોનું–ચાંદી, માણેક–મોતી, રૂપિયા–પૈસા જોઈએ, ખૂબ લઈ લો. પેલા સાધુએ ત્યાંથી સારોસારો માલ લઈ લીધો અને ઊંટ પર લાદી દીધો. જ્યારે તે રવાના થવા લાગ્યો. ત્યારે રાજાએ કહ્યું કે 'મહારાજ, આ તો તમે તમારી તરફથી લીધું છે. એક ચાંદીની પેટી છે. તે હું મારી તરફથી આપું છું.' રાજાએ એક ચાંદીની પેટીને એક રેશમી જરીવાળા કપડામાં લપેટીને તેને આપી દીધી અને કહ્યું કે 'આ મારી તરફથી તમને ભેટ છે.' પેલા સાધુએ તે પેટી લઈ લીધી અને ત્યાંથી ચાલી નીકળ્યો.

તે સાધુ (બહુરૂપી) પોતના રાજાની પાસે પહોંચ્યો. રાજાએ પૂછ્યું કે 'શું શું લાવ્યા ?' તેણે બધું બતાવી દીધું કે 'લાખો–કરોડોનું ધન લઈ આવ્યો છું.' રાજાએ માન્યું કે આ બાજુનો રાજા મહામૂર્ખ જ છે; કેમ કે એને સાધુની ઓળખ જ નથી, કે કેવો સાધુ છે ! આ તો ઘણો બેસમજ છે ! તે બહુરૂપી બોલ્યો કે 'એક પેટી મને એ રાજાએ પોતાની તરફથી આપી છે કે આ મારી તરફથી ભેટ છે.' રાજાએ કહ્યું કે 'ઠીક છે, પેટી લાવ, તેને હું જોઈશ.' બહુરૂપીએ તો રાજાની પાસે પેટીને મૂકી દીધી અને તેની

ચાવી આપી દીધી. રાજાએ ખોલીને જોયું કે ચાંદીની એક પેટી છે, તેની અંદર એક બીજી ચાંદીની પેટી છે. પછી તેની અંદર એક બીજી ચાંદીની પેટી છે. ત્રણેય પેટીઓને ખોલીને જોયું તો અંદરની નાની પેટીમાં એક ફુટેલી કોડી પડેલી મળી. રાજાએ વિચાર્યું કે શું મતલબ છે આનો ! તો તે સમજી ગયો કે એ રાજા મૂર્ખ નથી, ઘણો બુદ્ધિમાન છે. સાધુ–વેશમાં એની નિષ્ઠા આદરણીય છે. રાજાએ બહુરૂપીને પૂછ્યું કે 'તારી સાથે શું વાત થઈ, બધી વાત જણાવ.' તેણે કહ્યું કે 'એક દિવસ રાજાએ મને કહ્યું કે મહારાજ કંઈક સંભળાવો. મેં કહ્યું કે તમે તો ઘણા ભાગ્યશાળી છો. તમારી પાસે રાજ્ય છે. ધન–સંપત્તિ છે, અનુકૂળ સ્ત્રી–પુત્ર વગેરે છે. તમારા પર ભગવાનની ઘણી કૃપા છે.' આ સાંભળીને રાજા બધી વાત સમજી ગયો. ત્રણ પેટી હોવાનો મતલબ હતો–સ્થૂળશરીર, સૂક્ષ્મશરીર અને કારણશરીર. એમની અંદર શું છે ! અંદર તો ફૂટેલી કોડી છે, કાંઈ નથી. બહારથી વેશ–ભૂષા ઘણી સારી છે, બહારથી ઘણા સારા લાગીએ છીએ, પણ અંદર કંઈ નથી, તમારા પર ભગવાનની ઘણી કૃપા છે–આ જે વાત કહી, એ ફૂટેલી કોડી છે. આ કોઈ કૃપા હોય છે ? કૃપા તો એ હોય છે કે ભગવાનનું ભજન કરવું, ભગવાનમાં લાગી જવું.

તાત્પર્ય છે કે સાંસારિક ચીજોનું હોવું કોઈ મોટી વાત નથી. શાસ્ત્રમાં મનુષ્ય–શરીરનો જે મહિમા આવ્યો છે, તેવો મહિમા ધનનો નથી આવ્યો, રાજ્યનો મહિમા નથી આવ્યો. સ્વર્ગનો જે રાજા છે, એ ઈન્દ્રનો પણ મહિમા નથી આવ્યો. **'તીન ટૂક કૌપીન કે, અરુ ભાજી બિન લૌન। તુલસી રઘુબર ઉર બસે, ઈન્દ્ર બાપુરો કૌન ॥'** પ્રભુજનની સામે ઈન્દ્રની પણ કોઈ કિંમત નથી. પરંતુ ધનને મહત્ત્વ આપીને ડરીને છીએ કે એ ક્યાંક



ખર્ચાઈ ન જાય–આ કોઈ માનવતા છે ? પણ કહેવું કોને ? કોઈ સાંભળવાવાળું નથી.

સાંભળ્યું હતું કે લોકો આ વાતો સાંભળીને નારાજ થઈ જાય છે અને કહે છે કે આ ધનની નિંદા કરે છે ! સજ્જનો ! હું ધનની નિંદા કરતો નથી; કિંતુ લોભની નિંદા કરું છું. તમારી એવી બુદ્ધિની નિંદા કરું છું કે તમારી બુદ્ધિ ક્યાં મરી ગઈ ! લાખો–કરોડો રૂપિયા રાખો, રાજ્ય–વૈભવ બધું રાખો, પણ બુદ્ધિ તો નહીં મરી જવી જોઈએ ! કાંઈક તો ભાન રહેવું જોઈએ માણસને ! કંઈક તો અક્કલ આવવી જોઈએ કે આપણે શું કરી રહ્યા છીએ ! આવું મનુષ્ય–શરીર મળ્યું છે, જે દેવતાઓને પણ દુર્લભ છે–**'દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।'** (ભાગવત ૧૧ । ૨ । ૨૯) **'બડે ભાગ માનુષ તનુ પાવા। સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા ॥'** (માનસ ૭ । ૪૩ । ૪). આવું માનવ–શરીર મળ્યું છે અને કરી શું રહ્યા છો ? આ મનુષ્ય–શરીર પામીને તો ભગવાનનું ભજન કરવું જોઈએ–**'અનિત્યસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥'** (ગીતા ૯ । ૩૩). ભગવાનમાં લાગી જવું જોઈએ. તેથી સદાને માટે કલ્યાણ થઈ જાય.

આ ધન કેટલા દિવસ સાથ આપશે ? તમે વિચારો, જો આજે પ્રાણ નીકળી જાય તો ધનનું શું થશે ? ધનને માટે કરેલું પાપ તો સાથે આવશે, પણ ધન એક કોડી સાથે નહીં આવશે, બધેબધું અહીંયાં જ રહી જશે. એવા ધનને માટે પોતાનો ભાવ બગાડી દીધો, પાપ કરી લીધું. અન્યાય કરી લીધો, જૂઠું–કપટ કરી લીધું, ભાઈ–ભાંડુઓ સાથે ઝઘડો અને અનર્થ કરી લીધા, એવા ધનથી પતનના સિવાય બીજું શું થશે ?